R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 09 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH MARCH 2021
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH
Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.



# HEARTIEST CONGRATULATIONS

## JAIKUMAR MAHENDRA VIKAMSEY

ON PASSING CA FINAL AND ADDING ONE MORE FEATHER TO YOUR ACADEMIC ACHIEVEMENTS

ACADEMIC ACHEIVEMENTS – CA, CS, ICWA, B. Com (Hons)

**: BEST WISHES :**

| | | |
|---|---|---|
| MOTHER / FATHER | : | KALPANA MAHENDRA VIKAMSEY |
| SISTERS | : | HIRAL JIGNESH SHAH<br>DIMPLE MULRAJ CHHEDA,<br>SNEHAL DHARMESH NAGDA |
| NEPHEWS | : | YASH JIGNESH SHAH,<br>CA MOHNISH MULRAJ CHHEDA,<br>CHAITYA DHARMESH NAGDA |
| PATERNAL GRANDPARENTS | : | KARAMSEY HIRJI VIKAMSEY (JAKHAU), MUMBAI |
| MATERNAL GRANDPARENTS | : | SHIVJI JIVRAJ KARANI (SUTHARI), GADAG<br>GOVINDJI JEVAT KHONA (NALIYA), MUMBAI |

## મોતા તથા ધ્રોળ પરિવારનું ગૌરવ

અભિનંદન



અભિનંદન

**C.A. ચિરાગ અરૂણા – લક્ષ્મીચંદ મોતા**

(રાપર ગઢવારી/ ડોંબીવલી)

વર્ષ ૨૦૨૧માં C.A.ની પરિક્ષામાં ઉત્તિર્ણ થવા બદલ
ખૂબ ખૂબ અભિનંદન.

ઉર ઉભરાયું જોઈ તારી સફળતાનું સોપાન,
આપીએ અંતરથી પ્રેમ અને સન્માન,
પરિવારના લાડકવાયા ચિરાગ,
તેં પુરૂષાર્થ અને પ્રારબ્ધથી મેળવી યશસ્વી.

લિ. ગૌરવ અનુભવતા દાદાણા – નાનાણા પરિવાર
માતુશ્રી લીલાવંતી ખેતશી મોતા પરિવાર
માતુશ્રી ઉમાબાઈ વાલજી ધ્રોળ પરિવાર
M: 88988 74842 / 88988 74843 (Chirag)

## લગ્ન સંબંધી

**જીવનસાથી જોઈએ છે.**



શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજના
ગામ કોટડી મહાદેવપુરી હાલે મુલુંડ

**શ્રી કમલેશ બુદ્ધિચંદ છેડા (ઉ. ૫૧)**

એમની ધર્મપત્ની અ.સૌ. જસ્મીનબેનનો
એક વર્ષ પહેલા આકસ્મિક હાર્ટફેલથી અવસાન થયેલ છે.

વેલસેટ – સુખી સંપન્ન પરિવાર – સ્વતંત્ર વ્યવસાય ધરાવનાર
સંપૂર્ણપણે તંદુરસ્ત વ્યક્તિ માટે
અમો યોગ્ય જીવનસાથી માટે વિચારણા કરેલ છે.

**જ્ઞાતિબાધ નથી.**

૫૦ વર્ષની નીચેની ઈચ્છુક બેનોના પરિવારજનોએ
ખુશાલ ગંગર (નાંગલપુર) મોબાઈલ : 92232 21111 નો સંપર્ક કરવા વિનંતી.
(તા.ક. : સંપર્ક કરનારની બધી માહિતી ખાનગી રાખવામાં આવશે.)

BINITA S. MARU - 9869034162

## પંદરમી પુણ્યતિથિએ સ્મૃતિવંદના...

## પહેલી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ...







### શ્રી હંસરાજ મેઘજી મુનવર

(ગામ : જખૌ, અગાશી)

**જન્મ :** તા. ૧૯.૦૯.૧૯૩૧ **અરિહંત શરણ :** તા. ૦૧.૦૩.૨૦૦૬

### માતુશ્રી રતનબેન હંસરાજ મુનવર

(ગામ : જખૌ, અગાશી)

**જન્મ :** તા. ૧૪.૦૭.૧૯૩૩ **અરિહંત શરણ :** તા. ૦૬.૦૩.૨૦૨૦

અમે બધા તમને યાદ કરીએ છીએ, અમે તમારી મીઠી યાદોને યાદ કરીએ છીએ, તમે અમારા જીવનમાં હતા.
જીવનના દરેક ડગલે ને પગલે પરિવારના સદા પથદર્શક રહ્યા છો. તમારી હેતની નહોતી કોઈ હદ,સ્નેહના નહોતા કોઈ સીમાડા,
તમારા આશિષમાં નહોતી કોઈ અધુરાશ, કરૂણાના નહોતા કોઈ કિનારા, તમારી બેઉની વિદાય અને સ્નેહ સંસ્કારો હરપળ યાદ આવશે.
તમારી ઉપસ્થિતિ નથી એ મન માનતું જ નથી. તમારી ખોટ કયારેય પુરાવાની નથી,
તમારો લાગણીસભર, મિલનસાર સ્વભાવ હરપળ યાદ આવશે. અમારા અંતરમનથી ભાવભીની શ્રદ્ધાંજલિ આપીએ છીએ.
તમારું જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા.
અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને કયારેય ભૂલશું નહીં.
ભગવાન તમારી આત્માને પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના...

### હરપળ આપને યાદ કરનારા આપના સ્વજનો...

| | |
|---|---|
| પુત્ર-પુત્રવધુ | માતુશ્રી મેઘના મુલચંદ હંસરાજ મુનવર<br>અ.સૌ. પ્રીતિ યોગેશ હંસરાજ મુનવર |
| પુત્રી-જમાઈ | અ. સૌ. જયશ્રી દિનેશ લોડાયા<br>અ.સૌ. ભારતી અરૂણ ચુરી<br>અ. સૌ. ધનલક્ષ્મી સુરેન્દ્ર ખોના |
| પૌત્ર-પૌત્રવધુ | અ. સૌ. કાજલ ગિરીશ મુલચંદ મુનવર<br>અ. સૌ. હેતલ વિશાલ મુલચંદ મુનવર |
| પૌત્ર | મીત યોગેશ મુનવર |
| પૌત્રી | કાવ્યા યોગેશ મુનવર |
| પરપૌત્ર | અથર્વ ગિરીશ મુનવર<br>સોહમ વિશાલ મુનવર |
| દોહિત્ર-દોહિત્રવહુ | અ. સૌ. જયોતિ મનિષ લોડાયા<br>અ.સૌ. મમતા અશ્વિન ખોના<br>અ. સૌ. મેઘા અમોઘ ચુરી |
| દોહિત્રી-જમાઈ | અ. સૌ. ધારિણી નીતિન સાયલા<br>અ. સૌ. ઓજસ્વી રાકેશ શંખે |
| પરદોહિત્ર-પરદોહિત્રી | નિકી, વીરેન, ક્રિશા,<br>વૃષ્ટિ, હિરીકા, સના, અથાંશ |



**શ્રી મુલચંદ હંસરાજ મુનવર સમસ્ત પરિવાર**
**શ્રી ભવાનજી મેઘજી મુનવર સમસ્ત પરિવાર**
**શ્રી કુંવરજી મેઘજી મુનવર સમસ્ત પરિવાર**
**શ્રી વિસનજી લાલજી લોડાયા સમસ્ત પરિવાર**



**તંત્રી સ્થાનેથી**

**આ અંકનું એડિટોરીયલ તંત્રી મંડળનાં સભ્ય**
**ઍડ. ઉદયન શાહ દ્વારા લખાયેલું છે.**
**– ડૉ. હીરાચંદ દંડ - 7738508150**



# ક. દ. ઓ.ની અસીમ ક્ષિતિજો

પ્રાત વંદનીય શેઠશ્રી નરસીનાથાના ગોદીના મજૂરોને પાણી પીવડાવવાના કાર્યથી શરૂઆત કરીએ અને આપણે આપણો ૨૦૦ વર્ષનો ઈતિહાસ જોઈએ તો એક વાત પૂરવાર થાય છે કે આપણી જ્ઞાતિ દીર્ઘદૃષ્ટિ ધરાવે છે અને કોઈપણ ક્ષેત્રમાં ઝંપલાવી એને આત્મસાત કરે છે અને પોતાની પારંગતતા બનાવી શકે છે. આની સાથે આપણે ગર્વ લઈ શકીએ કે આપણે જ્ઞાતિનું ગૌરવ અને આપણા સંસ્કારોને સાથે લઈને આગળ વધીએ છીએ.

આપણી સંસ્થાઓ લગભગ લોકશાહીમાં માને છે (ક્યાંક ઠોકશાહી ચાલે છે) આપણી પાસે દરેક ગામમાં મહાજનો, સેવા સંસ્થાઓ અને ટ્રસ્ટો છે. આ મહાજનો અને ટ્રસ્ટો આપણા દેરાસર અને અન્ય માલમિલ્કતોની સારી રીતે સંભાળ કરે છે. આમાં આપણી મહિલાઓ પણ અગત્યનો ભાગ ભજવે છે.

આ સાથે એક વાત ખાસ ઉમેરવાની કે આપણી પરંપરાગત રાંધણ કળાનો કોઈ હાથ પકડી શકે એમ નથી. આપણે વર્તમાન સમયની રાંધણકળામાં પણ પારંગત છીએ. લગ્નમાં પહેરાતો ''ખોંભે જો છાલ'' એ ક.દ.ઓ.ની અસ્મિતાનું આગવું પ્રતિક છે.

ક.દ.ઓ.ની બેંક, વિદ્યાર્થીગૃહ, તબીબી સારવાર, લેબોરેટરી, એક નામી સંસ્થા દ્વારા ચાલતી આંખ અને દાંતની સારવાર, આ ઉપરાંત એનું એક થાણા શહેરની શ્રેષ્ઠ હોસ્પિટલ સાથે જોડાણ અને અન્યના મુખ્ય અધિકારી આપણા ક.દ.ઓ. બહેન છે, એ સોનામાં સુગંધ સમાન છે. તાત્કાલિક જરૂરિયાતને પહોંચી વળવા પણ જ્ઞાતિ સક્ષમ છે. (આપણે આપણી અસ્મિતા અકબંધ રાખી છે).

કચ્છના આપણા દેરાસરો, આપણે આપણી અસ્મિતા, સંસ્કારો, રિતીરિવાજો અને ધાર્મિક વિધીવિધાનો અકબંધ રાખ્યા છે એનો સક્ષમ પૂરાવો છે. મહાજનો, યુવા મંડળોના થતા સંમેલનો આપણી જ્ઞાતિની એકતા દર્શાવે છે.

કપાસના ધંધામાં જાણકાર અને રાજા કહેવાતા કદઓએ પોતાની દીર્ઘદૃષ્ટિ અને આગવી સુઝબુઝને કારણે આર્કિટેક્ટ, બિલ્ડર, લોખંડ મિલ, જિનિંગ અને પ્રેસિંગ, વિમા ક્ષેત્ર, બેંકિંગ, વકીલાત, તબીબી ક્ષેત્ર, સરકારી ક્ષેત્રે સફળતા પૂર્વક પદાપર્ણ કર્યું છે. આમ કદઓએ પોતાની ક્ષિતિજો વિસ્તારી છે. સિનેમા અને નાટ્ય ક્ષેત્રે ચાંપશીભાઈ નાગડા અને કમલેશ મોતાના પગલે ચાલી વર્તમાન સમયમાં ટીના ધરમશી, એકતા જૈન છે. સંગીત ક્ષેત્રમાં શ્રી જયંતીભાઈ ગોસરનું આગવું નામ છે. તેથી કદઓને કલાક્ષેત્રે વર્ષોથી સબંધ છે એમ કહી શકાય.

પ્ર. સ.ના ગયા અંકમાં આપણી જ્ઞાતિના એકમાત્ર શિલ્પકાર નાગપુરના શ્રી હિરાચંદ આણંદજી ધારશી વિકમશી અને એમના કુટુંબ વિશે જાણવા મળ્યું.


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

પંકજ પ્રતાપ શાહ

કેશરસિંહ આણંદજી ખોના

શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા

જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :**

CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૦૯, તા. ૦૫-૦૩-૨૦૨૧**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

શ્રી હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

તેઓશ્રી, તેમના ધર્મપત્નિ તથા તેમના પુત્રો શિલ્પકળા અને ચિત્રકળા ક્ષેત્રે આગળ પડતા છે. ભારતી કે. છેડા, જેમણે પાંચ વર્ષ પહેલા જુના સિક્કા સંગ્રહ કરવાના શોખમાં પદાર્પણ કર્યું. તેઓ એકમાત્ર કદઓ નારી આ ક્ષેત્રે છે. હમણાં તેમણે બેંગ્લોરમાં જુના સિક્કાના પ્રદર્શનમાં ભાગ પણ લીધો હતો. હોટલ, રેસ્ટોરંટ અને સર્વિસ એપાર્ટમેન્ટ એન્ડ રિસોર્ટ અને ફાર્મ હાઉસ ક્ષેત્રે પણ આપણે સફળતાપૂર્વક પગરણ માંડ્યા છે. કદઓ જ્ઞાતિજનો પોતાની માલિકીની સ્કૂલો અને કોલેજો પણ ધરાવે છે.

કદઓને મટુકડી, ઢોલરાંધ, બાર દાંડિયા અને ધમાલ દાંડિયા રમતા જોવા એક લ્હાવો છે. શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે વડોદરાના ધ્રુવ હેમંત લોડાયાએ જ્ઞાતિને ચાર ચાંદ લાગે એવા ટેરાફોર્મિંગ ક્ષેત્રે સંશોધન કરી રહેલ સ્ત્રેલ્કા સંશોધન પ્રોગ્રામમાં ૩૦૦ ઉમેદવારોમાંથી પસંદગી પામ્યા છે. ટેરાફાર્મિંગ એટલે કોઈપણ ગ્રહ ઉપર માનવજીવન લાયક પૃથ્વીનું વાતાવરણ કૃત્રિમ રીતે તૈયાર કરવું. આપણા યુવાનો હવે મેરેથોન સ્પર્ધામાં ભાગ લે છે અને ૬૦૦ થી ૭૦૦ કિ.મી. સાયકલની સવારી કરે છે.

જ્ઞાતિને જોડી રાખવા અને જ્ઞાતિના હાલહવાલ જ્ઞાતિજનો સુધી પહોંચાડવા ૩ મેગેઝિનો બહાર પડે છે. ૧૯૩૦/૪૦થી જ્ઞાતિએ સમયે સમયે વસ્તીપત્રક બહાર પાડ્યા છે. અને હવે વસ્તીપત્રક મોબાઈલ ઉપર હાજર છે. આ બધું દર્શાવે છે કે કદઓ જ્ઞાતિ એ એક મુઠ્ઠી ઉંચેરી જ્ઞાતિ છે. સાહસિક, દિર્ઘદષ્ટિ ધરાવતી દરિયાદિલ જ્ઞાતિ છે. કદઓએ દરેક વખતે ઉંચાઈ જ આંબી છે.

આ લેખ લખવાનો એક મુખ્ય ઉદ્દેશ એ છે કે દરેક જ્ઞાતિજન, મહાજન, મંડળ, આગેવાનો, સંસ્થાઓ આપણી જ્ઞાતિનું ગૌરવ, અભિમાન, સંસ્કારિતા, રીતીરિવાજોનું જતન કરશે અને જાળવી રાખશે.



– એડ. ઉદયન શાહ

## દાનમાં ધનના પસીનાની સુગંધ હોય !

ગુણવંત બરવાળિયા

સમ્રાટ અશોક કલિંગનું યુદ્ધ ખેલ્યો, પણ યુદ્ધના મહાસંહારે અશોકના અંતરને અકળાવી મૂક્યું.

સમ્રાટ અશોકને યુદ્ધના વિનાશથી પારાવાર પસ્તાવો થયો. તે સતત વિચાર કરતો કે, એવું શું કરું કે જેથી મારા દુઃખનો બોજ હળવો થાય.

યુદ્ધમાં મેળવેલા વિજયને કારણે સમ્રાટ અશોકનો ખજાનો સંપત્તિથી છલોછલ ઉભરાતો હતો. એણે દાન આપવાનું શરૂ કર્યું. તે રોજ બ્રાહ્મણોને દાન આપતો હતો.

નગરના બધા બ્રાહ્મણો દાન લેવા માટે આવ્યા, પરંતુ એક ગરીબ બ્રાહ્મણ આવ્યો નહીં. એને ધનની ઘણી જરૂર હતી, પરંતુ એ દાન લેવા તૈયા થયો નહીં.

સમ્રાટ અશોકને આશ્ચર્ય થયું કે, આ તે કેવો માનવી ? બધા બ્રાહ્મણો દાન લઈ ગયા, પણ એ ગરીબ હોવા છતાં કેમ આવતો નથી ?

સમ્રાટ અશોકે એ બ્રાહ્મણને બોલાવીને દાન લેવા ન આવવાનું કારણ પૂછ્યું ત્યારે એ બ્રાહ્મણે જવાબ આપ્યો કે.. સમ્રાટ તમે ક્યાં દાન કરો છો ? તમે દાન કરતા હો તો જરૂર હું લેવા આવું.

આ સાંભળી સમ્રાટ અશોકના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે કહ્યું, જરા વિચાર તો કર ! આટલા બધા બ્રાહ્મણો દાન લઈ ગયા અને તું વળી આને દાન જ કહેતો નથી !

પેલા બ્રાહ્મણે કહ્યું, દાન તો એનું થઈ શકે જે સંપત્તિ મેળવવા માટે તમે જાતે પરસેવો પાડ્યો હોત. તમે આપો છો એ તો રાજની સંપત્તિ છે, પ્રજાનો ખજાનો છે, એમાંથી તમે આપો કે ન આપો, કશો અર્થ નથી. તમે જાતે પરસેવો પાડીને મેળવેલા ધનનું દાન કરો તો જ સાચા દાનેશ્વરી ગણાવ.

સમ્રાટ અશોકની આંખ ખૂલી ગઈ. એણે જાતે શ્રમ કરીને કમાણી કરવાનું નક્કી કર્યું. પંદર દિવસ સુધી એણે એક નહેર ખોદવાનો શ્રમ કર્યો અને પંદર સોનામહોર મેળવી.

આ સોનામહોરો લઈને સમ્રાટ અશોક ગરીબ બ્રાહ્મણ પાસે ગયો. બ્રાહ્મણ ખૂબ ખુશ થયો. એણે દાનરૂપે એક સોનામહોર સ્વીકારી અને આશીર્વાદ આપ્યા.

– સંકલન : સી.એ. રમેશ દેવજી ખોના
સાંધવ (થાણા)

## U M KHONA AND COMPANY

CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

# COMMITMENT TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

**U M KHONA AND COMPANY**
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

**www.umkhona.com**

**CB: 11/189**

# આચાર્યશ્રી વિજયશીલચન્દ્રસુરિજીની રત્નકણિકાઓ



**લેખક : સોમ ધરમશીં, મો. : ૯૮૨૬૭ ૭૬૬૨૭**





અમારા કુટુંબનાં સારા સંસ્કારોએ નાનપણથી જ અમારા કુટુંબનાં દરેક સભ્યોને વાંચનનો અદ્‌ભૂત શોખ રહ્યો છે, અને તેથી જ મારે ત્યાં વર્ષોથી નવનીત સમર્પણ, કુમાર, પરબ જેવાં અનેક મેગેઝિન આવે છે. છેલ્લા ચાર પાંચ વર્ષથી તેમાં પ્રબુદ્ધ જીવનનો ઉમરો થયો છે. આ મેગેઝિનો મારી લેખનકળા-શૈલીને ઓપ આપવામાં મદદરૂપ થઈ છે.

હાલમાં જ પ્રબુદ્ધ જીવનનો ફેબ્રુઆરી, ૨૦૨૧નો અંક હાથમાં આવ્યો. આ અંકમાં અન્ય લેખો સાથે ડૉ. રાજેશ પંડયા લિખીત ''પત્રલાભ વડે ધર્મલાભ / પત્ર જાગરણનાં લેખમાં કોરોનાકાળ દરમ્યાન તપાગચ્છનાં જૈન આચાર્યશ્રી વિજયશીલચન્દ્રસૂરિજીની કલમે આલેખાયેલ પત્રાવલિનાં પાનથી અનુયાયી વર્ગથી માંડીને અન્ય સૌ કોઈને કપરા કોરાના કાળમાં ટકાવી રાખવાનું કાર્ય જ નહીં પણ ભારતીય પ્રજાનાં હૃદયમાં ધબકતી અનુકંપા અને માનવસેવા રૂપ પ્રેમ અને કરુણાનાં બળે આધ્યાત્મિકતાને મધમધતી રાખી વિકસાવવાના સુંદર ઉદાહરણો પુરા પાડ્યા છે. આટલી પ્રસ્તાવના પછી આ લેખમાંથી મને ઘણી રત્નકણિકાઓ જડી છે તે પ્રકાશ સમીક્ષાના સુજ્ઞવાચકો માટે નીચે ઉતારતાં આનંદ અનુભવું છું.

(૧) આ કોરોના વાઈરસ જાદુગર જેવો 'માયાવી' છે ને રાક્ષસ જેવો 'અહંકારી' છે. એ બિહામણો બહુરૂપી છે. એનાં ભયાનક રૂપ પળેપળે બદલાતાં જાય છે. એ દેખાતો નથી ક્યાંય, પણ એનો આતંક ફેલાય છે સમગ્ર પ્રજાજીવન પર, અહીં, તહીં, બધે. એથી ઘરેઘર આવું કમઠાણ થાય છે : 'આ દિવસોમાં આખા દેશની વસ્તી પોતાનાં ઘરોમાં બંધ છે... બહાર જવાય નહિ, કોઈને મળાય નહિ, નોકરી ધંધા થાય નહિ. ચૂપચાપ પોતાનાં ઘરમાં જ કેદ રહેવાનું, દિવસો સુધી.'

(૨) કોરોનાનાં આંતરરાષ્ટ્રીય ઓળા તો હાજાં ગગડાવી દે એવાં વિકરાળ છે. એનો વિશ્વવ્યાપી ઓથાર કેવો ભયાવહ છે તે આચાર્યશ્રીનાં શબ્દોમાં જ જોઈએ : 'અખબારો ને મીડિયામાં રોજરોજ અવનવી, એકબીજાથી સાવ ઊલટી વાતો વાંચવા જાણવા મળે છે... WHO સહિતની દેશી-વિદેશી સંસ્થાઓ, જાતજાતના વૈજ્ઞાનિકો, વિવિધ નિષ્ણાંતો, મીડિયા ચેનલો, સરકારો, નેતાઓ બધા જ નિત્ય સવારે Coronaના પ્રકાર વિષે, સંહારક્ષમતા વિષે, પ્રસાર વિષે, પરિણામો વિષે જાતજાતની આગાહીઓ અને ભવિષ્યવાણીઓ ઉચ્ચારતાં રહીને ચારે તરફ ભયનું ભીષણ હવામાન ફેલાવતાં રહે છે.'

(૩) આવી વરવી પરિસ્થિતિમાંથી પણ આચાર્યશ્રીની નરવી દ્રષ્ટિ શુભતત્ત્વો તારવી શકે છે. જેમકે 'કોરોના વાઈરસે આખા દેશમાં લોકડાઉન કરાવ્યું તેનું દેખીતું પરિણામ એ આવ્યું કે આપણે ઘણાં ઘણાં પ્રદુષણથી બચ્યા... ચોખ્ખી હવામાં શ્વાસ લેવાની તક મળી.. મોટાં ભાગના મંદિરો, ગિરજાઘરો, ગુરુદ્વારા, દેરાસરો, તીર્થો બંધ રહ્યાં. એથી... **પ્રદર્શનનો ધર્મ ઓછો થયો.** મંદિરોમાં જ ભગવાનને જોઈ ધર્મ કર્યાનું માનનારાઓ આ દિવસોમાં ઘરે બેસીને પોતાના ભીતરમાં ઝાંકતા થયા... **પોતાની અંદર ઝાંકવું એ જ અધ્યાત્મની ભૂમિકા છે...** આ અધ્યાત્મિકતા તો ભારતની આગવી વિશેષતા છે.

(૪) કોરોના કાળમાં અનુકંપા અને માનવસેવાનાં અગણિત દ્રષ્ટાંતો આ પત્રમાળામાં મધમધે છે. નિસ્વાર્થ સેવાના અનુકરણીય ઉદાહરણો થોડાંક હોવાનાં પણ એનો વ્યાપ વધે માટે આચાર્યશ્રી સાધર્મિક સેવા બાબતે ધ્યાન દોરે છે : 'પોતાના ધર્મમાં માનતા હોય તેમને સહાય કરવી તે માનવતા. પોતાની કોમવાળાને સહાય કરવી તે કોમવાદ અને ધર્મ તથા કોમથી ઉપર ઊઠીને જરૂરિયાતવાળા દરેકને સહાયરૂપ બનવું તે હિંદુત્વ, તે અધ્યાત્મ.'

(૫) આવા સેવાકાર્યમાં દેખાદેખી પણ ઓછી નથી હોતી. એવી દેખાદેખીથી જેમની સેવા કરી હોય તેમનું ગૌરવ અળપાય ને સેવાની ગરિમા પણ ઝાંખી થાય. એ બાબતે આચાર્યશ્રી માને છે કે આવો સેવાદાખડો હૃદયંગમ અનુકંપાને રોળી નાંખે છે અને માંડમાંડ ભેળા થતા પુણ્યને ઢોળી નાંખે છે. એવું ન બને તે માટે એમણે સેવાકાર્ય વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું છે. અને દેનારો મોટો ને લેનારો નાનો એવો ભાવ કયાંય ન જાગે, લેનારો જરાય ઉપકારવશ ન લાગે એની તકેદારી રાખવા સૂચન કર્યું છે. એ અનુસંધાને ૧. સમસંવેદન, ૨. દાન, ૩. પ્રમાણિકતા અને ૪. પ્રાર્થના, એવા

**પ્રકાશ સમીક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો.**
**વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત દશ સંદેશા લેવાના છે. સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

અનુસંધાન પાના ૯ થી

ચાર સ્તરના પ્રજાકીય અભિગમનું વિવરણ કર્યું છે.

(૬) જો કે આવું કરુણામય વાતાવરણ પ્રસંગોપાત છે. એ કાંઈ લાંબો વખત ટકવાનું નથી એની દહેશત આ રીતે વ્યક્ત થઈ છે : 'આ અનુકંપા જો આપણો, માનવજાતનો સ્થાયીભાવ, કાયમી સ્વભાવ બની જાય તો કેવી મજા પડી જાય ! દુર્ભાગ્યે આવું બનતું નથી. જ્યાં લોકડાઉન દૂર થશે, Coronaનો ભય ઓસરશે કે આપણે હતા ત્યાં ને ત્યાં ! પછી આ એકાત્મભાવ, આ સહાનુભૂતિ જાણે હવામાં ઊડી જશે. આ જ તો મનુષ્ય સ્વભાવ છે.

(૭) આચાર્યશ્રીએ કેટલાક પત્રોમાં, કોરોના મહામારીનાં સંભવિત કારણોની મુળગામી ચર્ચા પણ કરી છે. એમાં એક છે આધુનિક જીવનશૈલી. **આધુનિક જીવનશૈલીનો ભોગ બને છે પ્રકૃતિ.** એક રીતે તો માનવી પણ પ્રકૃતિનો જ અંશ છે. બૌદ્ધિક ક્ષમતાને લીધે એ પૃથ્વીનાં સૌ સંતાનોમાં સમજદાર છે. એટલે પૃથ્વીના પર્યાવરણને જાળવવાની એની જવાબદારી પણ મોટી છે. આચાર્યશ્રી વારંવાર એની યાદ અપાવતા રહે છે. ''પૃથ્વી, પવન, પાણી, અગ્નિ ને આકાશ - એ પંચભૂતોને માનવજાતે પહોંચાડેલી હાનિનો સંક્ષિપ્ત ચિતાર આપીને'' આચાર્યશ્રી લખે છે : 'આમ આભ ફાટ્યું છે, કોરોના તો એ માટેનું એક સિગ્નલ છે.'અન્ય એક પત્રમાં પણ આચાર્યશ્રી લખે છે : 'માનવીએ પ્રકૃતિ પ્રત્યે જે ઘોર અપરાધ આચર્યા છે તેનું આ પરિણામ લાગે છે. પ્રકૃતિની જાળવણી એ ધર્મ છે, એ ધર્મને માણસ છોડી બેઠો છે... માણસની પ્રકૃતિ ઉપર પ્રભુત્વ મેળવવાની તાલાવેલીનું પરિણામ તે Corona જેવી મહામારીઓ અને વિવિધ કુદરતી આફતો... વીફરેલી પ્રકૃતિ દ્વારા માનવજાતને કરવાની શિક્ષાના કાર્યક્રમની આ કદાચ શરૂઆત છે... આ વાઈરસ માનવીની પ્રપંચલીલાનું પરિણામ હોય તો પણ, તેનો ઉપયોગ કરીને પ્રકૃતિએ માનવી સામે જાણે વેર વાળવાનું આદરી દીધું છે.'

(૮) આચાર્યની અવ/ચિંતન સમૃદ્ધિ આ પત્રમાળામાં મોતી જેમ ઝળહળે છે. એમાંનાં થોડાંક વિચાર મૌક્તિકો આ રહ્યાં :

● જ્ઞાન તો પોતાની મહેનતથી મળતું હશે, પણ બોધ તો ગુરુકૃપા થકી જ સાંપડે.

● કર્મકાંડ મૂર્તિની નજીક લઈ જાય, જ્યારે પ્રાર્થના આપણને પ્રભુની પાસે પહોંચાડે.

● સ્વાર્થમુક્ત પ્રાર્થના એ આત્માનો પ્રસાદ છે.

● સાધુતાની સાધના એટલે અભયની સાધના.

● વૈરાગ્ય એટલે ઈચ્છાઓ પર પૂર્ણવિરામ.

● જીવન વિશે જેને સમજ નથી તે જ મૃત્યુથી ડરે છે.

● શરીર ને આત્માનું સંયોજન એ જો જીવન હોય તો શરીર અને આત્માનું વિભાજન છે મૃત્યુ.

● ક્ષમાપના જ ચિત્તના કોલાહલને શમાવી શકે છે.

● આતંક એટલે અંધારુ, કરુણા એટલે ઝળહળતો પથદીપ !

● અહિંસા વૈયક્તિક સત્ય છે અને હિંસા સામુહિક અસત્ય છે.

● પ્રગતિ તો 'કૃપા' વગર પણ થાય, ઉન્નતિ તો 'કૃપા'થી જ સંભવે.

આચાર્યશ્રીનો આ સૂત્રપાત એ જ આપણી માટે કૃપાપ્રસાદ!

સાત સાત મહિના સુધી સતત પત્રો લખી લખી આચાર્યશ્રીએ સાધર્મિકોના મનોબળને ટકાવી રાખવાનું મોટું કામ કર્યું છે.

છેલ્લા પત્રમાં આચાર્યશ્રી લખે છે **''કોરોના-કાળ એ આપણો શૂન્યકાળ હતો... આ કાળમાં આપણે ધાર્યું હોય તો જાગી શકાય એ રીતે આ જાગરણ-કાળ પણ હતો... લક્ષ્ય તો હતું જાગૃતિનું - જાગવાનું, પરંતુ જાગી શકાયું નથી, એ સ્વીકારું છું.''**

આ લેખ તૈયાર કરવામાં 'પ્રબુદ્ધ જીવન' ફેબ્રુઆરી-૨૦૨૧માં પ્રસિદ્ધ થયેલ ડૉ. રાજેશ પંડયાના લેખ ''પત્ર લાભ વડે ધર્મલાભ / પત્ર જાગરણ''ના લેખનો સહારો લીધેલ છે. હું મારી કૃતજ્ઞતા તેમના તરફ પ્રદર્શિત કરૂં છું.

**પુસ્તક પ્રાપ્તિસ્થાન : પ્રાર્થના ભીના પત્રો**

**પ્રકાશક :** શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ, C/o. 'નિશાંત', મહાવીર જૈન સોસાયટી, ગોધરા (પંચમહાલ) ૩૮૯ ૦૦૧.

**પ્રાપ્તિસ્થાન :** (૧) શાસનસમ્રાટ ભવન, હઠીસિંહની વાડી, દિલ્લી દરવાજા, અમદાવાદ-૪. (૨) શ્રીનેમિસૂરિસ્વાધ્યાય મંદિર, ૧૨, ભગતબાગ, શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૭. (૩) સરસ્વતી પુસ્તક ભંડાર, ૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧. (૪) જ્ઞાનની બારી, જી-૧, ગ્રાઉન્ડ ફ્લોર, લાભ કોમ્પ્લેક્ષ, સત્તર તાલુકા સોસાયટી, ઈન્કમટેક્ષ, અમદાવાદ-૧૪.

**ભાઈશ્રી સોમ ધરમશી બહારગામ હોવાથી આ અંકમાં ''જૈન ધર્મ મારી દૃષ્ટિએ'' તથા ''અતીતની અટારીએથી'' લેખો પ્રકાશિત થયા નથી જેની નોંધ લેવા વિનંતી.**

વિચાર વર્તુળ

# વતનનો સાદ – ભાગ ૯

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ
મો.: 98203 36767



ભૂકંપ પહેલા કચ્છ જિલ્લો ઉદ્યોગ ક્ષેત્રે ઘણો પછાત જિલ્લો હતો પરંતુ ભૂકંપ બાદ કચ્છમાં આર્થિક વિકાસ ક્ષેત્રે ઉદ્યોગો પ્રસરાવવા અને દેશ-વિદેશના ઉદ્યોગપતિઓને આકર્ષવા કેન્દ્ર સરકારે એક્સાઇઝ માફી યોજના તેમજ ગુજરાત સરકારે વેચાણવેરા પ્રોત્સાહન આપતાં યોજના કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ અનેક નવા ઉદ્યોગોમાં ભારે મૂડીરોકાણ થવા પામ્યું છે અને મૂડી રોકાણ ૧ લાખ કરોડને પાર કરી ગયું.

કચ્છ જિલ્લામાં મોટા પ્રોજેક્ટો ખાસ કરીને પાઇપકોટિંગ, ટેક્ષટાઇલ, ઇલેક્ટ્રોનિક્સ, ફ્લોરિંગ ટાઇલ્સ, ટોઇલેટ સોપ્સ, ડ્રગ્સ એન્ડ કેમિકલ્સ, સ્ટીલ, કોક પાઇપ, સિમેન્ટ આદિ મુખ્ય છે. કંડલા તથા મુન્દ્રાનાં સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન 'સેઝ'ના કારણે અનેક નવા ઔદ્યોગિક એકમો અવિરત કચ્છમાં આવતા રહ્યા છે.

કચ્છ આજે રાજ્યમાં એક આર્થિક અને ઔદ્યોગિક હબ છે. કચ્છનાં મુખ્ય ઉદ્યોગોમાં એન્જિનિયરિંગ, પાવર, સ્ટીલ પાઇપ્સ, સિમેન્ટ, હસ્તકલા શામેલ છે. ઊભરતાં ઉદ્યોગ ક્ષેત્રોમાં બાંધકામ, કેમિકલ્સ, સિરામિક્સ અને ટેક્સટાઇલ્સ વિગેરે છે. બંદર પર ઉપલબ્ધ પૂરતી સુવિધાઓ સાથે લાકડાનો ઉદ્યોગ પણ વિકસ્યો છે. કચ્છના અન્ય ઉદ્યોગોમાં ટેક્સટાઈલ્સ, મશીનરી અને ભાગો, ખાણકામ અને કવેરી, ફૂડ પ્રોડક્ટ્સ, કેમિકલ અને રાસાયણિક ઉત્પાદનો, વૂડ પ્રોડક્ટ્સ, રબર અને પ્લાસ્ટિક ઉત્પાદનો, નોન-મેટાલિક મિનરલ પ્રોડક્ટ્સ, બેઝિક મેટલ ઉદ્યોગો, પેપર પ્રોડક્ટ અને પ્રિન્ટિંગ, ઇલેક્ટ્રિકલ મશીનરીનો અને સાધનો, પરિવહન સાધનો અને ભાગો, નો સમાવેશ થાય છે. મહાકાય ઉદ્યોગો, બંદરો અને ખાણકામની પ્રવૃત્તિઓ કારણે કચ્છમાં માર્ગ પરિવહન ઉદ્યોગોનો ખુબજ મોટો વિકાસ થયો છે.

આ જિલ્લામાં કુટિર કે ગૃહ ઉદ્યોગોનું સ્થાન ભૂકંપ પહેલાં અને ભૂકંપ બાદ પણ અતિ મહત્વનું બની રહ્યું છે. હસ્તકલા કસબ એ કચ્છની વિરાસત છે. ભરત ગુંથણકામ, આભલા ભરત અને ચામડા પર અદ્દભૂત કોતર કામ, પેચવર્ક આદિ પ્રખ્યાત છે. કચ્છનું સોના ચાંદીના ઘરેણા પર મીનાકમ વખાણવા યોગ્ય છે. કાપડ પર રંગ વડે ડિઝાઈન પાડવાનું કામ ત્થા ચપ્પુ, છરી આદી તથા તાંબા- પિતળના તાળાં અને ચાવીઓ વખણાય છે.

કચ્છમાં વિપુલ પ્રમાણમાં ખનિજ સંપતિ ધરતીમાં ધરબાયેલી છે. મહત્વના ખનિજોમાં લઇમ સ્ટોન, બોક્સાઇટ, બેન્ટોનાઇટ, લગ્નિઇટ, ઝિપસ્મ, સિલિકા સેન્ડ, રેડ ઓકર, અકીક, ચાઇના કલે, અગેટ આદિની વિપુલ ખનિજ સંપત્તિ છે.

નવા મોટા ઉદ્યોગો સ્થપાયા પરંતુ તેનો વધુ પડતો લાભ બહારનાં લોકોએ લીધો, સ્થાનીય લોકો તેમજ કચ્છના બહાર વસતા લોકોએ વતન પરત થઈ એટલો ફાયદો ઉઠાવ્યો નથી. ઊદ્યોગ વિકસતાં જમીનના ભાવ ખુબ વધ્યા છે. સ્કૂલો- કોલેજોની સંખ્યા વધી, કચ્છને યુનિવર્સિટી મળી, માર્ગ અને પરિવહન વિકસ્યો, માળખાકીય સુવિધાઓ ગામડે સુધી પહોંચી, અનેક લોકો નાના મોટા વ્યવસાય તરફ વળ્યા, ૨૪ કલાક વીજળી મળતી થઇ, આરોગ્ય સેવા વિકસી. રણોત્સવ જેવા પ્રોગ્રામોએ પ્રવાસન ઉદ્યોગના દરવાજા ખોલી નાખ્યા, પરંપરાગત હસ્તગતકલા ઉદ્યોગ વિકસ્યા. કચ્છમાં ઘણું બદલાયું. મોટા ઉદ્યોગો ક્ષેત્રે આપણી જ્ઞાતિનું ખેડાણ મર્યાદિત રહ્યું છે તેથી હું વધારે ભાર આપી નથી રહ્યો. પરંતુ કચ્છમાં કુટીર, લઘુ અને મધ્યમ ઉદ્યોગ સ્થાપવા જરૂર વિચાર કરી શકાય. ભારતમાં સૌથી વધુ રોજગારીની તકો પુરી પાડતા કુટીર, લઘુ અને મધ્યમ ઉદ્યોગ (MSME)ને વિકસાવવા ભરપૂર પ્રયાસ કરી રહી છે જેનો લાભ આપણે લઈ શકીએ. ઘણી સ્કીમોમાં સરકાર આર્થિક મદદ સાથે સબસીડી, વ્યાજદરમાં રાહત પણ આપે છે. તેનાથી ધંધો કરવાવાળાને સરળતા રહે છે. બેંકો દ્વારા સરળ રીતે ધિરાણ મળે છે.

લઘુ ઉદ્યોગ ઉત્પાદકીય હેતુઓ જેવા કે મીણબત્તી, અગરબત્તી, ચોક, રીફીલ, બોલપેન વગેરે. પીકઅપ વાન, ખેતી ઉત્પાદનનો માલ બઝારમાં લઇ જવા તેમજ ખાતર બિયારણ વગેરે લાવવા માટે માલ વાહક રિક્ષા, મોટર સાયકલ ખરીદવા. ટ્રક ખરીદવા. દૂધનું ટેન્કર ખરીદવા. પબ્લિક પેસેન્જર કેરિયર, ઓટ રિક્ષા, લાઈટ મોટર વ્હિકલ સહીત ૧૬.૨ ટન સુધીના વાહન માટે. કાલા ફોલવાના મશીન. ઠંડાપીણા બનાવવાની મશીનરી ખરીદવા. ખેતી વિષયક તથા કુટીર ઉદ્યોગના સેવા પ્રકાર તથા વ્યવસાય પ્રકારના હેતુઓ માટે. ગ્રામ્ય વિસ્તારમાં રહેણાકના મકાન બનાવવા. સુગંધી અને ઔષધિય ઘટકો માટે. રૂરલ ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ.

ગ્રામ્ય લેવલે દવાખાના / ક્લીનિક ખોલવા માટે તેમજ જરૂરી સાધનો સાથેની મોબાઈલ હોસ્પિટલ વાન ખરીદવા. બાંધકામ માટેની સામગ્રીનું વિતરણ, ગ્રામ્ય ઉત્પાદનની વેચાણ માટેની દુકાન. પ્રવાસ પરિવહન સેવાઓ માટે ટુવ્હીલર, થ્રી વ્હીલર તથા ફોર વ્હીલર ખરીદવા. ઈન્ફોર્મેશન ટેકનોલોજી માટે કોમ્પ્યુટર સર્વર વિગેરે સાધનો બનાવવા, અન્ય આઈ.ટી. તથા ઈલેક્ટ્રોનિક ઉપકરણો, બીઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ, (બી.પી.ઓ કોલ સેન્ટર) અથવા બંને આઈ. ટી. સેવાઓ. સોફ્ટવેર સેવાઓ અને ઉત્પાદનો, સોફ્ટવેર, કોમ્પ્યુટર શિક્ષણ / તાલીમ કેન્દ્રો અન્ય રોજગાર ઉભા કરતી ગ્રામ્ય ટેકનોલોજી સેવાઓ.

સામૂહિક, સામાજિક અને વ્યક્તિગત સેવા પ્રવૃત્તિ માટે લોન : જેવી કે સલૂન, બ્યુટી પાર્લર, જીમ, બુટીકસ , દરજીની દુકાન, ડ્રાય કિલનિંગ, સાયકલ અને મોટરસાયકલ રીપેરીંગ દુકાન, ઝેરોક્ષ માટેની દુકાન, દવાની દુકાન, કુરિયર એજન્ટસ સેવાઓ વગેરે માટે લોન.

ફૂડ પ્રોડક્ટસ પ્રવૃત્તિ માટે લોન : ગૃહ ઉદ્યોગો જેવા કે પાપડ, અથાણાં, જામ કે જેલી બનાવવા, મરચાં, હળદર, અજમો, ધાણા, જીરું વગેરે ઘરે લાવીને જુદા જુદા મસાલા બનાવવાનો અને પેક કરવાના વ્યવસાય માટે, મીઠાઈની દુકાનો, નાના ફૂડ સ્ટોલસ અને કેન્ટીન સેવાઓ, આઇસ અને આઇસ્ક્રીમ બનાવવાના એકમો, બિસ્કીટ, બ્રેડ બનાવવાના એકમો વગેરે

ખાવા માટેનું ટિફિન – ટિફિન સેવા વ્યવસાય : આજના સમયમાં શુદ્ધ અને સારું ખોરાક મેળવવો એ ખૂબ જ ભાગ્યની વાત છે. બહારથી ઘણા લોકો છે જે તમારા શહેરમાં કામ કરે છે અને સારા ખોરાક માટે ક્યાંકને ક્યાંક ભટકતા રહે છે. આવી સ્થિતિમાં, તમે મેસ અથવા ટિફિન સેન્ટરનું કામ શરૂ કરી શકો છો.

કહે છે કે ઉદ્યોગીકરણનો બીજો દોર કચ્છમાં બે-પાંચ વરસમાં આવશે અને તેનો લાભ અબડાસા, નખત્રાણા વિભાગ જે અલ્પ વિકસિત છે તે વિભાગને મળશે. આવનારા સમયને પારખી અત્યારથી જ કાર્યરત થવાની જરૂર છે.

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**


|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી સુવિધીનાથ નમઃ || || શ્રી આદીનાથાય નમઃ || KDO

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન**

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬

સ્થાનિક કાર્યાલય : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, તા. અબડાસા, (કચ્છ)-૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

મુંબઇ કાર્યાલય : C/o. ચાંપશી ડી. હેફા, ૩૦૨, મરૂધર, એન.એસ. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦ .

**વાર્ષિક સામાન્ય સભા (A.G.M.)**

તા. ૨૦-૦૨-૨૦૨૧

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન સભ્યો જોગ,**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા શનિવાર તા. ૨૭.૦૩.૨૦૨૧ સાંજના ૬.૩૦ કલાકે ઝુમ મીટીંગ દ્વારા કરવામાં આવેલ છે. જેની લિંક યોગ્ય સમયે www.jakhaujinalay.com તથા વિવિધ Whatsapp ગ્રુપ પર મુકવામાં આવશે.

**-: એજન્ડા : કાર્યસુચી :-**

૧) ગત સભાની મિનિટનું વાંચન તથા એને બહાલી.
૨) મહાજનના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના ઓડીટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.
૩) શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ ટ્રસ્ટના વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના ઓડીટેડ હિસાબોની રજુઆત.
૪) દેરાસર તથા ભોજન શાળાના વિવિધ નકરા બાબત ચર્ચા - વિચારણા.
૫) મહાજનના વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના ઓડીટર નિમણુંક બાબત.
૬) આ વર્ષમાં થયેલ કામકાજ બાબત ચર્ચા - વિચારણા.
૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય વિષયો પર ચર્ચા - વિચારણા

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી**

લી. માનદ્ મંત્રીઓ : **જયંતીલાલ દેવશી મૈશેરી - ચાંપશી ડુંગરશી હેફા**

**નોંધ :** વર્ષ ૨૦૧૯-૨૦૨૦ મહાજનશ્રી અને ટ્રસ્ટના હિસાબી ચોપડાઓ (ઓડિટેડ) મહાજનશ્રી ની જખૌ ઓફીસ ખાતે, મહેતાજીને અગાઉથી જાણ કરી, તા.૨૫-૩-૨૦૨૧ સુધી જોવા મળશે અને બેલન્સ શીટની કોપીઓ જખૌ દેરાસર, મુંબઇ ઓફીસ (સાંજે ૫ થી ૮) તથા www.jakhaujinalay.com ખાતે જોવા મળશે.

**નોંધ :** કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ તેજ લિંક ઉપર મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.



|| યુગાદી આદીશ્વરાય નમો નમઃ ||

શાસનસમ્રાટ, અચલગચ્છાધિરાજ પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. સંસ્થાપિત

**શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વે. જૈન સંઘ**

ન્યુ હનુમાન બિલ્ડીંગ, ૧લે માળે, ૧૧૦ B, કેશવજી નાયક રોડ, મુંબઇ – ૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨–૨૩૭૨ ૯૩૦૪

**બંધારણ સુધારણા**

સંસ્થાના વર્તમાન બંધારણને આગામી દાયકાઓ સુધી અસરકારક નીવડે તેવા દીર્ઘ દ્રષ્ટિપૂર્વકના, વર્તમાન સમયને પણ અનુરૂપ અને વહીવટી સુગમતા અર્થે જરૂરી સુધારા-વધારા-ઘટાડા કરી અદ્યાવત બનાવવા **બંધારણ સુધારણા સમિતીનું** ગઠન કરવામાં આવ્યું છે.

પ.પૂ. ગચ્છનાયકશ્રી, પૂ. આચાર્ય ભગવંતો, પૂ. મુનિ ભગવંતો, પૂ. સાધ્વી મહત્તરાશ્રીજી તથા મુખ્યા પૂ. સાધ્વીજીશ્રીઓ અને સંસ્થાના સર્વે પૂર્વ અધિકારીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ સૌને બંધારણની નકલ અને વિનંતી પત્ર મોકલાવાયેલ છે. અતઃ સભ્યો સહિત સૌને પુનઃ વિનંતી કે આપ સૌના સુઝાવ અત્યંત મહત્વના હોવાથી વર્તમાન પરિસ્થિતીને લક્ષમાં રાખી તા. ૧૫ માર્ચ સુધી મુદત લંબાવેલ છે.

બંધારણની પ્રત સભ્યપદ ક્રમાંક જણાવી લેખીત અરજી સાથે રૂા. ૨૫/– ચુકવી કાર્યાલયેથી મેળવી શકાશે.



**વર્ષીતપના સર્વે તપસ્વીઓ... આપશ્રીઓ કુશળતાપૂર્વક હશો.**

અનુમોદના સહ આપની શાતા પૂછીએ છીએ.
સમૂહ પારણાના આયોજનની તૈયારીઓ ચાલુ છે,
આપના ફોર્મ ભરી તા. ૧૫-૩-૨૦૨૧ સુધી વહેલી તકે કાર્યાલયે મોકલી આપવા વિનંતી.

**લિ. મંત્રીઓ તથા કન્વીનર**



# મળવા જેવા માણસ...

## CA શ્રી તરૂણ રતનશી લોડાયા - ઉજ્જૈન

**ઉજ્જૈન ખાતે વસવાટ કરતા સી.એ. તરૂણભાઈ સ્વબળી સાહસિક વ્યક્તિ છે. પરિશ્રમ તથા અનુભવ દ્વારા જીવનમાં આગળ વધી વિવિધ ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરનારા શ્રી તરૂણભાઈ સાથે પ્ર.સ.ની મુલાકાત.**

પ્ર.સ. : તમે નાના હતા ત્યારે શું બનવાનં સપનુ સેવ્યું હતું ? કોઈ ખાસ કારણ આપશો ?

તરૂણભાઈ : હું બચપણમાં ટેલિફોન ઓપરેટરની કામગીરીથી ખૂબ અંજાઈ ગયો હતો. તેથી મેં ટેલિફોન ઓપરેટર બનવાનું સપનું સેવ્યું હતું.

પ્ર.સ. : તમે તમારા કુટુંબની કઈ વ્યક્તિને પ્રેરણારૂપ માનો છો ?

તરૂણભાઈ : હું મારી માતાને પ્રેરણારૂપ માનું છું. હું ૧૪ વર્ષનો હતો ત્યારે પિતાનું મૃત્યુ થયું હતું. ત્યારબાદ મારી માતાના પ્રોત્સાહન અને હિમતને કારણે સી.એ. બની શક્યો. તેમણે પોતાના દાગીના વેંચીને મને ભણાવ્યો.

પ્ર.સ. : તમારા શાળાના શિક્ષણથી સી.એ. બન્યા ત્યાં સુધીનો વિશેષ અનુભવ કહેશો ?

તરૂણભાઈ : મારે યુ.પી.એસ.સી.ની પરિક્ષા આપવી હતી. આ બાબતે વડીલો સાથે ચર્ચા કરતાં એમણે સમજણ આપી અને હું સી.એ. થયો. હું વીરજી લધાભાઈ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતો હતો. જ્યારે ઈન્ટરમિડિએટ સી.એ.ની પરિક્ષામાં હું ઉત્તિર્ણ થયો ત્યારે એક ટ્રસ્ટીશ્રીએ રૂા.૫૦૦/-ની ભેટ આપી મારા વખાણ કર્યા હતા. હું જ્યારે સી.એ.ની આર્ટિકલશીપ કરતો હતો ત્યારે મારું અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ ન હોવાને કારણે ત્યાં કામ કરતા દક્ષિણ ભારતીઓ મને જરા નીચી નજરે જોતાં, ત્યારે મેં મનમાં ગાંઠ વાળી કે મારે અંગ્રેજી ભાષા ઉપર પ્રભુત્વ મેળવવું છે અને મેં એમ કરી દેખાડ્યું.

પ્ર.સ. : સી.એ. થયા પછી ઉદ્યોગપતિ બનવાની પ્રેરણા કેવી રીતે મળી ?

તરૂણભાઈ : મેં કારકિર્દીની શરૂઆત નાની કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કરી. ત્યારબાદ ટાટા એકસપોર્ટ, સુઝલોન જેવી નામાંકિત કંપનીઓમાં ઉચ્ચ હોદા ઉપર કામ કર્યું છે. ત્યારબાદ મેં સ્ટલિંગ ઓઈલ એકસાપ્લોરેશન અને એનર્જી નામની કંપનીમાં નાઈઝિરીયામાં ૧૦ વર્ષ કામ કર્યું. ૬ મહિના આ કંપનીમાં હું સી.એફ.એ.ના પદ ઉપર કાર્યરત હતો અને ત્યારબાદ મને ગ્રુપ સી.એફ.એ. બનાવવામાં આવ્યો. મને તેમની એક કંપની સ્વતંત્ર રીતે ચલાવવાની પરવાનગી આપવામાં આવી. ૧૦ વર્ષે હું વતન પાછો ફર્યો અને સમાજ માટે ઉપયોગી થવું અને સમાજ સાથે જોડાવું તથા શારિરીક અને માનસિક રીતે દર વખતે સજ્જ રહેવું આ બધા વિચારોએ મને ઉદ્યોગપતિ બનવાની પ્રેરણા આપી. આ ઉપરાંત મને સમાજની દરેક યોજનામાં ભાગ લેવાની હોંશ છે.

પ્ર.સ. : તમે કેટલા ઉદ્યોગગૃહો ચલાવો છો ?

તરૂણભાઈ : ગોવામાં તાજેતરમાં ૮૦ ફ્લેટ ધરાવતા સર્વિસ એપાર્ટમેન્ટનું બાંધકામ ભાગીદારીમાં કર્યું છે. આ ઉપરાંત ઉજ્જૈનમાં મેનેજમેન્ટ અને લો (કાયદા) કોલેજ મારી માલિકીની છે અને હું એનો ચેરમેન છું. આ કોલેજ વિક્રમ યુનિવર્સીટી સાથે સંલગ્ન છે.

પ્ર.સ. : શિક્ષણ ક્ષેત્રે ઝંપલાવાનું શું કારણ ?

તરૂણભાઈ : શિક્ષણ એ મારા હૃદયની પ્રવૃતિ છે. શિક્ષણ ઉપરાંત તબીબી સારવાર અને કોઈપણ વર્ગના નબળા લોકોને મદદ કરવી એ પણ મારા હૃદયની ભાવના છે.

પ્ર.સ. : તમને દરેક ક્ષેત્રે મળેલી સફળતાનું કારણ શું છે ?

તરૂણભાઈ : મને કામ કરવાની લગન અને ધગશ બન્ને છે

પ્ર.સ. : કંપનીના ડાયરેક્ટરમાં કયા ગુણો હોવા જરૂરી છે ?

તરૂણભાઈ : તમારામાં અલગ ચીલો ચાતરવાની ગુણવતા હોવી જરૂરી છે. આનો કંપનીના મેનેજમેન્ટ ઉપર સારો પ્રભાવ પડે છે અને તેમને સંતોષ થાય છે. તે ઉપરાંત તમને


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ** Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

કાર્ય (જોબ) સંતોષપૂર્વક કર્યાનો અહેસાસ થાય છે. તમારે હ્યુમન રિસોસીર્સ એટલે કે માનવ સંશાધનને ખૂબજ મહત્વ આપવું જોઈએ, કારણ કે કાર્યદક્ષ માણસોની અછત છે અને કાર્યદક્ષ માણસોને ગુણવતા મુજબ પગાર નથી આપવામાં આવતા.

પ્ર.સ. : તમે કઈ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયલા છો ?

તરૂણભાઈ : હું વૈશ્ય મહા સંમ્મેલન – મધ્ય પ્રદેશમાં વાઈસ પ્રેસિડેન્ટ છું. આ ઉપરાંત ગામના ક.દ.ઓ જૈન મંડળ, ગુજરાતી મિત્ર મંડળ, ગુજરાતી સમાજ, સાંયરા મહાજન અને ટ્રસ્ટમાં હોદ્દા ધરાવું છું. હું ઘણી સંસ્થાઓનો પેટ્રન મેમ્બર પણ છું.

પ્ર.સ. : આજના યુવાનો માટે તમારો શું સંદેશ છે ?

તરૂણભાઈ : આજના યુવાનોએ ઘરના એશોઆરામનો ત્યાગ કરીને, મોહ જતો કરીને, બહારગામ વિદેશમાં પણ સારી તક મળે તો ઝડપી લેવી જોઈએ. આમ કરવાથી તમને સફળતા મળશે.

– એડ. ઉદયન શાહ


## કન્યા જોઈએ છે



**વ્યક્તિગત વિગતો**

નામ : કેયુર શાંતિલાલ શાહ
જન્મતારીખ : ૦૯ નવેમ્બર ૧૯૮૭
ઊંચાઈ : ૫ ફીટ ૭ ઈંચ
વજન : ૬૫ કિલો
ભણતર : એમ. બી. એ. ફાઈનાન્સ (MBA Finance)
ભાષાની જાણકારી : અંગ્રેજી, ગુજરાતી, કચ્છી, હિન્દી

**પારિવારિક વિગતો**

ધર્મ જાત : માહેશ્વરી વાણીયા, મૂળ ગામ – કોઠારા, કચ્છ, ગુજરાત
પિતા : શ્રી શાંતિલાલ વીરજી શાહ (જામનગર)
માતા : શ્રીમતી દમયંતીબેન શાંતિલાલ શાહ (જામનગર)
બહેન : શ્રીમતી સ્વાતિબેન રાજેશ શાહ (પરણિત) (સંબલપુર – ઓરિસ્સા)

**વ્યવસાયિક વિગતો**

ધંધો – નોકરી : ધંધો (Business : Brass metal hardware parts) શ્રી બાલાજી પ્રોડકટસ, ૩૮૧/૨, જી.આઈ.ડી.સી. શંકર ટેકરી, ઉદ્યોગ નગર, જામનગર (ગુજરાત)
સ્થાનિક સરનામું : એ-૪૦૪, કોપર ડિવાઈન, એમ્યુઝમેન્ટ પાર્કની સામે, મેહુલનગર, જામનગર (ગુજરાત)
ઉલ્લેખનીય સંપર્ક : શ્રી કિશોરભાઈ વીરજી શાહ (મોટા પપ્પા)
9869353538 ડોંબીવલી થાણે, મહારાષ્ટ્ર
શ્રીમતી દમયંતીબેન શાંતિલાલ શાહ (માતા)
9925057782 જામનગર, ગુજરાત
શ્રીમતી સ્વાતિબેન રાજેશ શાહ (બહેન)
9438912514 સંબલપુર, ઓરિસ્સા


## કેડીઓના આગામી કાર્યક્રમો

**શ્રી ક. દ. ઓ. સાંયરા જૈન મહાજન**
૧૪૩ મી ધજા ત્રિહાન્હિકા મહોત્સવ
તા. ૧૪ થી ૧૬ માર્ચ ૨૦૨૧

**શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**
વાર્ષિક સામાન્ય સભા
તા. ૨૭-૩-૨૦૨૧ સાંજે ૬.૩૦ કલાકે

**સાંયરા કચ્છ બિરાજમાન શ્રી મોમાઈ માતાજી**
મોમાયા પરિવાર : સમૂહ પહેડી
તા. ૧૩-૪-૨૦૨૧

**શ્રી ડાઘા મોમાઈ મા મિત્ર મંડળ – વરાડીયા**
મોમાઈ મા તથા ભલારા દાદા દેવાલય ધ્વજા રોહણ
તા. ૧૬ થી ૧૭ એપ્રિલ ૨૦૨૧

**પાલીતાણા તીર્થે ચૈત્ર માસની આયંબિલ ઓળી**
સમુહ આરાધના
તા. ૧૮ થી ૨૬ એપિલ ૨૦૨૧

**શ્રી આઈ માતા ધરમશી પરિવાર**
સમુહ પહેડી – સુથરી
તા. ૨૫ થી ૨૭ એપ્રિલ ૨૦૨૧

**શ્રી ક. દ. ઓ.મહાજન – કુવાપધર**
ભલારાદાદાના ભૂવા બનાવવાનો કાર્યક્રમ
તા. ૨૫ થી ૨૮ એપ્રિલ ૨૦૨૧

**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર – દલતુંગી**
૧૧૮ મો ધ્વજા મહોત્સવ
તા. ૧૬-૫-૨૦૨૧

**શ્રી ભલારા દાદા મૂળ સ્થાનક તથા સચ્ચાઈ માતાજી મંદિરનો ધ્વજા મહોત્સવ-સુથરી**
તા. ૨૦-૦૫-૨૦૨૧

**શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જીનાલય – રંગપુર**
દાદાની ૩૨ મી ધ્વજારોહણ
તા ૨૧ થી ૨૨ મે ૨૦૨૧

**મંજલ રેલડીયા ૧૩૯મો ધજા મહોત્સવ**
તા. ૨૧થી ૨૨ મે ૨૦૨૧

**શ્રી ક.દ.ઓ જખૌ મહાજન અને ટ્રસ્ટ**
૧૭૩મો ધ્વજા મહોત્સવ
તા. ૧૭થી ૧૯ જુન ૨૦૨૧

**જ્ઞાન ગમ્મત**

# કચ્છી કસબ - ૧૫૨


**રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)**

**મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨**






**આડી ચાવીઓ :**

૧. **નાના નાના ટુકડા** (small pieces) (૫)
૩. **ક્યાંક** (Somewhere) (૩)
૬. **ડર** (Fear) (૨)
૭. **લાડલો** (Pampered Man) (૩)
૯. **રવઈ** (Churner) (૪)
૧૦. **મોટેથી બૂમ મારવી** (Calling Loudly) (૨)
૧૧. **ગપ્પા મારવા** (Make Gossiping) (૩)
૧૩. **મોડું** (Late) (૨)
૧૪. **તંદુરસ્ત** (Physically Fit) (૪)
૧૯. **દિવસના** (In day time) (૩)
૨૦. **લે** (take) (૨)
૨૨. **તળાવ** (Lake) (૨)
૨૩. **દેખાવમાં સારી સ્ત્રી** (Good Looking female) (૩)
૨૫. **અનાજમાં આવતો નાનો કાંકરો** (Small Stone)(૩)
૨૬. **ટાઢ** (Cold) (૧)
૨૯. **ગાય** (Cow) (૧)
૩૦. **લાયકાત** (Not Deserving) (૩)
૩૨. **વળાંક** (Turn) (૨)
૩૩. **સંભળાવી જવું** (To Make Taunt) (૩)
૩૫. **નવવધુ** (Bride) (૨)
૩૬. **શેઠાણી** (She Boss) (૩)
૩૭. **ચુલ્લો** (Burning Place) (૨)
૩૮. **વસ્તુઓના ઢગલા** (things lying here & There) (૨)

**ઉભી ચાવીઓ :**

૧. **અવઢવ** (Hesitation) (૫)
૨. **ચટની** (Kind of Sauce) (૩)
૩. **કકળાટ** (Clamour) (૪)
૪. **નિંદા** (Criticism) (૨)
૫. **ગળું** (Throat) (૨)
૮. **ગધેડો** (Donkey) (૩)
૧૨. **મારવું** (to hit) (૪)
૧૫. **શોધવું** (to Search) (૨)
૧૬. **મુઠીયા** (Food Item) (૩)
૧૭ **જોડીમાં** (With Partner) (૩)
૧૮. **કાન** (Ear) (૨)
૨૧. **એક સમયનું ભાણું** (One Time Food) (૫)
૨૨. **પાણીમાં તરવું** (to Swim) (૨)
૨૪. **સાસુ** (Mother in Law) (૨)
૨૭. **ઉંદર** (Rat) (૨)
૨૮. **માટી** (Sand) (૨)
૩૦. **મોટી** (Big) (૨)
૩૧. **તરત જ** (Immediatly) (૩)
૩૨. **આયંબિલ** (Kind of Fast) (૩)
૩૪. **રાંધવું** (To Cook) (૨)
૩૫. **પ્રભાવના** (To Distribute Gift) (૩)

---

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે. આપના સહકારની આશા છે.

સમય પ્રવાહ

# આઝાદીથી આબાદી સુધીની ભારતની સફરના ઈતિહાસની ઝલક



- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247

હાલના સમયમાં ખેડૂતોના લગભગ ૭૫ દિવસના આંદોલનના કારણે આ ખેતીના સંવેદનશીલ વિષય પર લખવું કે નહીં લખવું એ બાબત બહુ વિચાર કર્યા પછી મેં આ લેખ લખવાનો નિર્ણય કર્યો. મેં બહુ કોશિશ કરી છે કે આ લેખ બિનરાજકીય, પૂર્વગ્રહરહિત  અને તટસ્થ બને, છતાં કોઈને આ લેખમાં રાજકારણની ગંધ આવે કે અસર દેખાય તો ક્ષમા ચાહું છું. લગભગ દશ વર્ષ પહેલાં વિરોધ પક્ષના નેતા રહી ચૂકેલા એવા સ્વર્ગીય અટલ બિહારી બાજપાઈએ સંસદમાં ભારતના વૈજ્ઞાનિકો, એન્જીનીયરો, ખેડૂતો અને મઝદૂરોના ભારતના વિકાસ અને પ્રગતિમાં યોગદાનની બહુજ તારીફ કરેલી અને કહેલુ કે છેલ્લા સાંઈઠ વર્ષોના ભારતના સૌ વર્ગના સંઘર્ષ, શ્રમ અને બલિદાનને અવગણવું એ અન્યાય થશે. આ ભાષણ કે વક્તવ્યનો વિડિઓ યુટ્યુબ પર ઉપલબ્ધ છે. આજ ભાવનાને ધ્યાનમાં લઈને આ લેખને લખવાનો પ્રયાસ કરેલ છે, અને આજ ભાવનાને ધ્યાનમાં રાખીને સુજ્ઞ વાચકો પણ આ લેખને વાંચશે એવી આશા રાખું છું.

ભારત એ ખેતી પ્રધાન દેશ છે એ સર્વવિદિત હકીકત છે, ખાસ કરીને આઝાદી પહેલાં ભારતમાં  ઉદ્યોગ બહુ ઓછા હતા ત્યારે. આઝાદી પહેલાં ભારતમાં લગભગ ૫૬૫ અલગ રજવાડા કે શાસકો હતા અને ભારતની ભુગોળ અલગ હતી જે હવે ઈતિહાસ છે. સદીઓ સુધી  ભારત પર પહેલાં વિદેશી મુસલમાન અને ત્યાર પછી અંગ્રજો, ફ્રેંચો અને પોર્ટુગીસ શાસકોએ અલગ અલગ  પ્રાદેશિક વસાહતો સ્થાપી હતી, અને આ બધાએ કવિઓએ  જેને **'સોનેકી ચિડિયા'** કહીને જેની સમૃદ્ધિની તારીફ કે પ્રશંસા કરેલ તેવા ભારતના પ્રદેશોનું ખુબ જ આર્થિક શોષણ કે દોહન કર્યું અને તેની સમૃદ્ધિને પોત પોતાના   વતનમાં મોકલી દીધી અને ભારતને ગરીબ રાષ્ટ્ર બનાવી દીધું.

કોઈ પણ દેશને આઝાદી મળે, તે દેશને સ્વતંત્રતા આપે છે પણ સમૃદ્ધિ (આબાદી), સ્થિરતા અને સલામતી માટે સતત સંઘર્ષ કરવો પડે છે. અને જયારે તે દેશ આર્થિક રીતે અન્ય દેશ પર વધારે પડતો આધાર રાખે છે ત્યારે તેની સ્વાયત્તતા ખતરામાં આવી જાય છે. ભારતની આઝાદીથી આબાદી સુધીની સફર ખુબ જ વિકટ અને સંઘર્ષ ભરેલ  છે. આઝાદી પહેલાં ભારતમાં સિંચાઈ જેવી કોઈ વ્યવસ્થા બહુ જ મર્યાદિત અને માત્ર જળ સંગ્રહ માટે હતી અને મોટા ભાગે કુદરતી વરસાદ અને વરસાદી જળનું કુવા કે વાવ માં સંગ્રહ જેવી મર્યાદિત વ્યવસ્થાના કારણે ખેતી એ મુખ્ય વ્યવસાય હોવા છતાં પણ બારમાસી નહીં હતો અને ખેડૂતો ક્ષુદ્ર કે ખુદરા એટલે કે છૂટક કાર્ય કરનારા ગણાયા. અન્ય એક કહેવત પણ કેટલીક વાર સાંભળવા મળે છે. 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી' આ બધા ખેતીના મહિમામંડનના સૂત્રો પ્રચલિત હોવા છતાં ભારતમાં ભૂખમરો, અનાજની અછત, કુપોષણ જેવી સ્થિતિ ઘણા વર્ષો સુધી રહેલ. આ ઉપરાંત યોગ્ય બિયારણની અછત, ખાતરની અછત, કીટનાશક દવાઓની અછત, ખેતીમાં આધુનિક અને વૈજ્ઞાનિક જ્ઞાન અને સાધનોનો મર્યાદિત ઉપયોગ વગેરે અનેક કારણોને લીધે ભારતની ખેતીની ઉત્પાદકતા બહુજ ઓછી હતી. એક ઉદાહરણ તરીકે આ કોઠાના આંકડા પ્રસ્તુત છે (માહિતી શ્રોત https://www.padmad.org/2017/03/state-of-indian-agriculture-farmers-in.html. State of Indian Agriculture Farmers in Pre-Independence Era)

ઉત્પાદકતા પ્રતિ હેક્ટર  કિલોગ્રામમાં

| વર્ષ | ૧૯૪૭ | ૨૦૦૭-૦૮ | ૨૦૦૮-૦૯ |
|---|---|---|---|
| ઘઉં | ૬૬૦ | ૨૮૦૨ | ૨૮૦૬ |
| ચોખા | ૧૧૦ | ૨૨૦૨ | ૨૧૭૭ |

ઉપરના કોઠામાં જે આંકડાઓ છે તેના અભ્યાસ ઉપરથી ફલિત થાય છે કે સરકાર અને કિસાનોના સંયુક્ત પ્રયાસોથી ભારતીય પ્રજાના આહારના મુખ્ય ઘટક ઘઉં અને ચોખાની ઉત્પાદનશીલતા કેટલા મોટા પ્રમાણમાં વધી અને જેના કારણે ભારત અનાજના ક્ષેત્રમાં આત્મ નિર્ભર બન્યું.

તે ઉપરાંત બ્રિટિશ શાસનના સમયમાં જમીનદારીની પ્રથા હતી, જેના કારણે ખેડૂતોની આર્થિક હાલત પણ બહુ સારી ના હતી. એટલે આઝાદ ભારતમાં સૌથી મોટી સમસ્યા પ્રજાને જીવવા માટે જરૂરી અનાજ પૂરું પાડવાની હતી. આઝાદ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ

નહેરુએ ભારતની ત્યારની જરૂરિયાતને ધ્યાનમાં લઈને પંચ વર્ષીય યોજનાનો વિચાર અમલમાં મુક્યો અને પ્લાંનિંગ કમિશનની સ્થાપના કરી; તે મુજબ પ્રથમ પંચ વર્ષીય યોજના ૧૯૫૧ થી ૧૯૫૬ સુધી અમલમાં હતી અને જેમાં ખેતીના વિકાસ માટે મુખ્ય ભાર હતો, જેથી આહાર માટે ભારત આત્મનિર્ભર બને. આ યોજના બહુજ સફળ રહી અને ખેતીનો વિકાસ દર ૩.૬% જેટલો પ્રતિ વર્ષ રહ્યો અને સાથે સાથે ઉદ્યોગના વિકાસ માટે એન્જીનીઅરીંગ અને ટેક્નિકલ જ્ઞાન માટે પાંચ આઈ. આઈ. ટી. ની સ્થાપના આ યોજનાના અંતિમ તબ્બકામાં થઇ.

એક બહુજ પ્રસિદ્ધ અંગેજી કહેવત **Rome was not built in a day** એ કોઈ પણ ભગીરથ કાર્ય માટે લાગુ પડે છે; તે ભારતની વિકાસની પંચ વર્ષીય યોજનાને પણ લાગુ પડે છે, એટલે યોજનાના ફળ મળવા માટે સમય લાગે છે, તે પ્રમાણે પ્રથમ પંચ વર્ષીય યોજના અંતર્ગત ખેતીના વિકાસ માટે જરૂરી પગલાં જેમકે સિંચાઈ યોજનાઓ, ખાતરની વ્યવસ્થા, કીટનાશક દવાઓ વગેરે લેવામાં આવ્યા.

બ્રિટિશ શાસનમાં પણ બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન ૧૯૩૮ થી ૧૯૪૬ ના સમય ગાળામાં ભારતના મોટા ભાગના પ્રાંતોને તે સમયની 'રેશનિંગ' પ્રથા અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા; એટલે અન્નની અછત એ ભારત દેશની કાયમની સમસ્યા રહેલ. હાલ જેઓ વરિષ્ઠ નાગરિક છે તેમને રેશનિંગ પ્રથા, ગેસ્ટ કંટ્રોલ કાનૂન અને કેટલીક વાર ખાંડ નહીં મળતાં ગોળ વાળી ચા કે મીઠાઈ કે કોઈ વાર દૂધ નહીં મળતાં કાળી ચા થી ચલાવી લેવા જેવા અનુભવ થયા હશે. ઉપરાંત ૧૯૫૬ પછીના સમયમાં અમેરિકાથી પી.એલ. ૪૮૦ યોજના હેઠળ આયાત થયેલા ઘઉં વાપરવાની મજબૂરી પણ યાદ હશે. આજે અનાજ, ફળ, ફૂલ, દૂધ અને અન્ય ડેરી ઉત્પાદનો જે છૂટથી મળે છે તેની પાછળ અગાઉ જે માળખાકીય વ્યવસ્થા થઇ છે તે વત્તે ઓછે અંશે જવાબદાર છે. ભારતને કૃષિ ક્ષેત્રે આત્મ નિર્ભર કરવામાં જેને 'ગ્રીન રિવોલ્યુશન' કે હરિત ક્રાંતિ અને દૂધ ઉત્પાદન માટે 'વ્હાઈટ રિવોલ્યુશન' કે સફેદ ક્રાંતિ નો બહુજ મોટો ફાળો છે.

દ્વિતીય પંચ વર્ષીય યોજના ૧૯૫૬ થી ૧૯૬૧ સુધી અમલમાં હતી અને જેમાં ઉદ્યોગના વિકાસ માટે મુખ્ય ભાર હતો, જેથી આર્થિક રીતે ભારત સક્ષમ બને અને રોજગારની તકો ઉભી થાય તથા વિદેશી આયાતી વસ્તુઓના સ્થાને સ્થાનિક ઉત્પાદન પ્રવૃત્તિને વેગ અને વજન મળે. ભારત સરકારે મિશ્ર આર્થિક વ્યવસ્થા અપનાવેલ છે. પણ ત્યારે દુકાળના કારણે ભારતને ભૂખ્યા જનોના જઠરાગ્નિને ઠારવા માટે અમેરિકાથી પી.એલ. ૪૮૦ યોજના હેઠળ ઘઉં આયાત કરવા પડ્યા. હાલના સમયમાં કોવિદ-૧૯ ના કારણે કોઈ પણ સમારંભમાં આમંત્રિતોની સંખ્યા પર સરકાર દ્વારા નિયંત્રણ લગાડવામાં આવ્યા છે. વર્ષ ૧૯૬૦માં પણ ભારત સરકાર દ્વારા આવા જ નિયંત્રણ (guest control order) અન્નની અછત અને દુષ્કાળના કારણે લગાડવામાં આવ્યા હતા. તૃતિય પંચ વર્ષીય યોજના ૧૯૬૧ થી ૧૯૬૬ સુધી અમલમાં હતી અને જેમાં ફરીથી ખેતી તથા ભારતના મુખ્ય આહાર ઘઉંના ઉત્પાદન ની વૃદ્ધિ માટે માટે જોર આપવામાં આવ્યું. જેને હરિત ક્રાંતિ કે ગ્રીન રિવોલ્યૂશન કહે છે તે ઝુંબેશ ૧૯૬૦ થી ૧૯૭૦ સુધી ચાલી જેના પાયા શ્રી એસ સ્વામીનાથનના માર્ગદર્શન હેઠળ આ પંચ વર્ષીય યોજનામાં નખાયા અને વિકસિત થઇ. આ પંચ વર્ષીય યોજનાના સમય ગાળામાં ભારતને બે પૂર્ણ કક્ષાના યુદ્ધોનો સામનો કરવો પડ્યો જેમાં ૧૯૬૨નું ભારત-ચીન યુદ્ધ અને ૧૯૬૫નું ભારત-પાકિસ્તાન યુદ્ધ મુખ્ય હતા અને હાલ જે થઇ રહ્યા છે તેવા સરહદી છમકલાં તો પારાવાર હતા.

શ્રી જવાહરલાલ નેહરુના અવસાન પછી શ્રી લાલ બહાદુર શાસ્ત્રી ભારતના પ્રધાન મંત્રી બન્યા અને ત્યારે ભારત પાકિસ્તાનનું ૧૯૬૫નું લશ્કરી યુદ્ધ અને દુષ્કાળના કારણે અન્ન ક્ષેત્રે પણ યુદ્ધ એમ બે યુદ્ધો ભારત લડી રહયું હતું. તેથી શાસ્ત્રીજીએ 'જય જવાન જય કિસાન' સૂત્ર દેશને આપીને જવાન અને કિસાનની દેશની અખંડતા અને કલ્યાણમાં ફાળાને બિરદાવ્યું; અને અમેરિકા સાથે રાજકીય સંબંધ ઓછા થયા અને રશીયા કે સોવિયેત યુનિયન સાથે ભારતના સંબંધ મજબૂત થતાં પી.એલ. ૪૮૦ યોજના હેઠળ ઘઉં મંગાવવાનું બંધ કરેલ ત્યારે શાસ્ત્રીજીએ ભારતીયોને અઠવાડિયામાં એક દિવસ અથવા એક ટંક અન્ન નહીં ખાવાની અપીલ પણ કરેલ જેને જનતાએ ખુબ જ સુંદર પ્રતિસાદ આપેલ. અત્રે ઉચિત લાગતાં થોડા વિષયાંતર સાથે ઉલ્લેખ કરું છું કે વર્ષ ૧૯૯૮માં ભારતે પોખરણ રણ પ્રદેશમાં પ્રથમ અણુ શસ્ત્ર પરીક્ષણ કર્યું ત્યારે સ્વર્ગીય અટલ બિહારી બાજપાઈએ 'જય વિજ્ઞાન' સૂત્ર આપ્યું. વર્ષ ૨૦૦૯માં ૧૫મી ડિસેમ્બરના દિવસે દશમા (tenth) લાલ બહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય પુરસ્કાર વિતરણ સમારંભમાં લાલ બહાદુર શાસ્ત્રી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના ડાયરેક્ટર શ્રી ડો. કૈલાશ ચંદ્ર મિશ્રાએ 'જય વિદ્વાન' એ સૂત્ર આપ્યું.

આ બે પૂર્ણ કક્ષાના યુદ્ધ તથા દુષ્કાળના કારણે આ પંચ

વર્ષીય યોજના ને ૧૯૬૬ થી ૧૯૬૯ સુધી 'પ્લાન હોલીડે'ના નામથી લંબાવવામાં આવી. ચતુર્થ પંચ વર્ષીય યોજના ૧૯૬૯ થી ૧૯૭૪ સુધી અમલમાં આવી અને જેમાં આર્થિક સ્થિરતા અને સંરક્ષણ ક્ષેત્રમાં સ્વાવલંબી બનવા માટે જોર આપવામાં આવ્યું. આ સમય ગાળામાં સરકારે ૧૪ મુખ્ય અને મોટી બેન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યું. આ પંચ વર્ષીય યોજના હેઠળ વર્ષ ૧૯૭૦માં શ્રી વર્ગીસ કુરિયનના માર્ગદર્શનમાં દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ જેને સફેદ ક્રાંતિ કહેવાય છે તેનો ઉદ્દભવ થયો. આ સમય ગાળામાં ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધના કારણે વિકાસ દર ઓછો રહ્યો. પંચમ પંચવર્ષીય યોજનાનો સમય ગાળો ૧૯૭૪ થી ૧૯૭૮ નો ચાર વર્ષનો રહ્યો કેમકે ૧૯૭૮ માં જનતા સરકારે આ યોજનાને બંધ કરી; જેનો મુખ્ય હેતુ ગરીબી હટાઓ, સંરક્ષણ  ક્ષેત્રે મજબૂતી અને ખેતીની પેદાશ વધારવાનો હતો. ત્યાર પછી ભારત અનાજ ઉત્પાદનના ક્ષેત્રમાં લગભગ આત્મ નિર્ભર થઇ ગયું.

આ વિષય પર ઘણું બધું લખી શકાય છે પણ સમય અને શબ્દોની મર્યાદા હોય છે તેથી કેટલીક મહત્વની અને જેને અંગ્રેજીમાં માઈલ સ્ટોન કહી શકાય તેવી બાબતો આ લેખમાં આવરી લીધેલ છે. તે ઉપરાંત કોઈ પણ દેશની આર્થિક પ્રગતિ, અનાજ કે અન્ન સલામતી (food security) આરોગ્ય સુખકારી અને સંરક્ષણ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા  પ્રાપ્ત કરવા માટે જવાન, કિસાન, વૈજ્ઞાનિક, વિદ્વાન અને મઝદુરનો કેટલો મહત્વનો ફાળો રહ્યો છે તે ઉજાગર કરવાનો છે. જે અન્ય દેશોએ સર્વક્ષેત્રોમાં ખુબ જ નેત્ર દિપક  પ્રગતિ કરી છે તેનો અભ્યાસ કરવાથી એક નિષ્કર્ષ નીકળે છે કે જ્યાં  સરકાર અને પ્રજા સાથે મળીને કાર્ય કરે છે ત્યાં સાયુજ્યના કારણે જનતાનું માત્ર આર્થિક નહીં પણ સુખાકારીનું સ્તર (happiness index) બહુ જ ઊંચું રહયું છે.

**છીપનું મોતી :** ઈમારતના પાયા જમીનમાં દટાયેલા હોવાથી દેખાતા નથી, પણ તેના કારણે જ ઇમારત ઉભેલી હોય છે.

## વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

## અફવા

મારું નામ  છે અફવા,
મને મજા આવે છે દુનિયામાં ફરવા.
મારી ન્યાય સાથે નથી કોઈ  નિસબત,
કોઇની બગાડું છું  જિંદગી યા કિસ્મત.
મારા નથી હાથ, પગ, પંખ કે ચહેરો,
છતાંય મને સાંભળે દૂરનો બહેરો.
મારી કાયા મોઢે મોઢે બદલતી જાય,
કોરોના આટલું પરિવર્તન કરવામાં હાંફીજ જાય.
મારી ચડાઈને કોઈ નથી શકતો અટકાવી,
બાહુબલિઓને ભોંય ભેગો કરું છું ચટકાવી.
મિડીયાના જમાનામાં મારી ગતી,
વિનાશક થઈ ગઈ છે લાખો ગણી.
મારા વગર ઘણાંને ચાલતું જ નથી,
એમને ખાવાનું પણ પચતું નથી.
લોકો ગમે તેટલા બને શાણા,
પણ એમની બુદ્ધિમાં હું  કરૂ છું કાંણા.
વર્ષોના સંબંધો પળમાં કરૂ છું ખતમ,
દોસ્તોને બનાવું છું દુશ્મન જનમો જનમ.
બીજાની અફવામાં આવે છે મજા,
પોતા પર વિતે ત્યારે જ થાય છે કારમી સજા.
મને રોકવાની બની નથી કોઇ રસી,
હું સદા રહીશ હસતી ફરી ફરી.
હું એ યોદ્ધાને  દાદ અને માન આપું છું,
જે મારી પરવા  વગર સ્વ-કામ  કર્યા કરે છે.
મારી જરાય ચાલતી  નથી વાત,
મારું શરમથી કપાઈ જાય છે નાક,
જયારે કોઇ કરે છે સવાલ સામા,
શું આ સાચી  કે શક્ય છે કે ફકત ગપ્પા?

**રચનાકાર : તિલકચંદ કુંવરજી લોડાયા, ચેન્નઈ**

## હાર્દિક અભિનંદન



શ્રી ઉદય નવિન હીરજી દંડ (શાહ) લાલા (વેરાવળ) તાજેતરમાં યોજાયેલી વેરાવળ નગર પાલિકાની ચૂંટણીમાં અપક્ષ સભાસદ તરીકે જંગી બહુમતીથી ચૂંટાઇ આવ્યા છે તે બદલ ખૂબખૂબ અભિનંદન. ક.દ.ઓ.જૈન સમાજનું ગૌરવ વધારેલ છે તેમને યશસ્વી રાજકીય કારકિર્દી માટે શુભકામનાઓ.

આરોગ્ય પ્રકાશ

# આહારમાં તેલ ક્યું વાપરશો ?

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



તેલ અને ઘી નો ઉપયોગ તળવામાં, રસોઈમાં, માલીશ માટે ભારતમાં ઘણા વખતથી થાય છે. જુના વખતમાં તેલીબીંયામાંથી લાકડાની ઘાણીથી તેલ કાઢવામાં આવતું અને તે જ વાપરવામાં આવતું, જે આરોગ્યદાયી હતું. તલ, શીંગદાણા, ટોપરું, રાઈ વગેરેમાંથી તેલ કાઢવામાં આવતું પણ ૧૯૪૦ થી સૌરાષ્ટ્રમાં શીંગદાણામાંથી તેલ કાઢવાનો પ્લાન્ટ શરૂ થયો અને ૧૯૫૦ ની શરૂમાં મુંબઈમાં પોસ્ટમેન બ્રાન્ડનું રિફાઈન્ડ તેલ શરૂ થયું. રિફાઈન્ડ તેલની ચર્ચા કરીએ એ પહેલાં આ દરેક તેલનાં ગુણધર્મો જોઈ લઈએ.

તલ તેલ : આયુર્વેદની દૃષ્ટિએ બધા તેલોમાં તલ તેલ સૌથી ઉત્તમ છે. તેમાંય કાળા તલનું તેલ શ્રેષ્ઠ છે. આ તેલમાં ઓમેગા -૩, ઓમેગા-૬ અને ઓમેગા -૯ ફેટી એસિડ સપ્રમાણમાં હોય છે. ઉપરાંત આ તેલમાં એન્ટી ઓક્સીડંટ ભરપૂર હોય છે. વિટામીન 'ઈ', ફાઈટોસ્ટેરોલ્સ, લીગ્નન્સ, સીસામોલ હોય છે. આ તત્વો ફ્રી રેડીકલ્સ સામે લડે છે. જેથી હૃદયરોગ, ડાયાબીટીઝ, સંધિવાત જેવી ક્રોનિક બિમારીઓની સંભાવના ઓછી થાય છે. ટ્રાયગ્લીસરાઈડ (ચરબી) ઘટાડે, સોજા ઘટાડે. આ તેલ એન્ટી ઈન્ફલેમેટ્રી છે તેથી સાંધાના દુખાવા, દાંતના દુખાવા, માસિક સ્ત્રાવ પહેલાના ક્રેમ્પસમાં રાહત મળે છે. વિટામીન 'ઈ' વાળને, ત્વચાને ફાયદો કરે છે. એમાં રહેલા ટાયરોસીન નામનો એમીનો એસીડ લોહીમાં સેરેટોનીન હોર્મોન્સ વધારે, જે તાણ અને નિરાશાપણું દૂર કરે. એમાં એન્ટીઓક્સિડન્ટ હોવાથી ત્વચાને અલ્ટ્રાવાયોલેટ કિરણોથી થતાં નુકસાનથી બચાવે પણ આ તેલમાં વધુ કેલેરી હોવાથી તેનો વધુ વપરાશ કરવાથી વજન વધારે.

**શીંગતેલ :** શીંગમાં ૨૬% પ્રોટીન, વિટામીન બી, થીયામીન, વિટામીન ઈ, મેગ્નેશ્યમ, પોટેશ્યમ, ફોસ્ફરસ, કાર્બોહાઈડ્રેટ્સ, મોનો અને પોલી અનસેચ્યુરેટેડ ચરબી હોય છે, એન્ટીઓક્સીડન્ટ હોય છે. અનસેચ્યુરેટેડ ચરબી હૃદય માટે સારી. તે જલ્દી ખોરું પણ નથી થતું. જલ્દીથી પચે છે. ખાદ્યપદાર્થની કેલેરીની માત્રા ઓછી કરે છે. ઓમેગા -૬, ફેટી એસિડ, ફાઈટોસ્ટેરોલ હોય છે.

ઓમેગા-૬ ને કારણે આ તેલના અતિ ઉપયોગથી હૃદય માટે નુકશાનકારક. હાઈસ્મોક પોઈન્ટ ૪૫૦ ફે. છે. એટલે ઉંચા તાપમાન સુધી બળી જતું નથી આ તેલના ૧ ટેબલ સ્પૂનમાં ૧૧૯ કેલેરી હોય છે.

**કોપરેલ તેલ :** કોપરેલ તેલ સુપર ફુડ તરીકે વેચાય છે. એમાં રહેલા ફેટીએસિડના સમુહને લીધે આ તેલ ત્વરિત શક્તિ આપે છે. વજન ઘટાડે છે. પેટની ચરબી ઘટાડે છે. હૃદયને નિરોગી રાખે છે. મગજના કાર્યમાં મદદ કરે છે અને સારું કોલેસ્ટ્રોલ વધારે છે. આ તેલ મિડીયમ ચેઈન ટ્રાયગ્લીસરાઈડ હોય છે જે પેટમાંથી સીધા લીવરમાં જાય અને તુરંત શક્તિ માટે વપરાય અથવા 'કીટોન્સ'માં રૂપાંતર થાય જે મગજ ઉપર ખૂબ સારી અસર કરે, ખાસ કરીને અલ્ઝાયમર્સની બિમારી, ફીટ અને બીજી મગજની તકલીફમાં ફાયદો કરે. દુનિયામાં જેઓ ખોરાકમાં નાળિયેરનો ઉપયોગ વધુ કરે છે તેમને હૃદયરોગ, સ્ટોક જેવી બિમારીઓ ઓછી થાય છે. વધુ પ્રમાણમાં લેવાથી કેલેરી વધુ હોવાથી વજન વધી શકે. આ તેલ બેકટેરીયા, વાયરસ, ફૂગને મારી શકે છે. મોંમા આશરે બે ચમચી તેલ લઈ ૧૦ મિનિટ મોંમા ફેરવવાથી (ઓઈલ પુલીંગ) મોં, દાંતનું આરેગ્ય સારું રહે. ૧૦ મિનિટ બાદ તે થુંકી દેવું. વધુ ભૂખ લાગતી હોય તેની ભૂખ ઘટાડે. નાના બાળકોને ફીટ આવતી હોય તો કોપરેલ તેલ ખૂબ ફાયદો કરે.

**રાઈ તેલ :** રાઈના તેલમાં આલ્ફાલીનોલેનીક એસિડ જે એક પ્રકારનું ઓમેગા -૩ ફેટી એસીડ છે તે સોજા અને દુઃખાવો ઘટાડે, આમવાત (રૂમેટોઈડ આર્થરાઈટસ)માં ફાયદો કરે, બેકટેરીયા અને અમુક જાતના ડ્રગને વધારો અટકાવે, ચામડી અને વાળને ફાયદો કરે. અમુક જાતના કેન્સર સેલનો વધારો અને ફેલાવો ઘટાડે, ખાસ કરીને પેશાબની થેલી (બ્લેડર)ના કેન્સરમાં. આ તેલમાં મોનોઅનસેચ્યુરેટેડ ફેડી એસિડ વધુ છે. જે હાર્ટના આરોગ્ય માટે સારું. વધુ બ્લડ પ્રેશર, ટ્રાયગ્લીસરાઈડ અને લોહીની સાકર ઘટાડે એટલે કે હાર્ટએટેકની શક્યતા ઘટાડે. સંધીવાતમાં આ તેલની માલીશ ઉપયોગી. આમાં ઓમેગા-૩, ફેટીએસિડ વધુ હોવાથી શરીરના અંદરની સોજા ઘટાડે જે સંધિવાત, હૃદયરોગ થતું અટકાવે. રાઈના તેલના થોડા ટીપા પાણીમાં નાખી બાફ

લેવાથી શરદી, કફમાં ફાયદો થાય. સ્મોકપોઈન્ટ ૪૮૨° ફે. હોવાથી આ તેલ પણ ઉત્તમ કહેવાય. આ તેલના ગુણધર્મોને લીધે તે ઓલીવ ઓઈલની બરાબરી કરી શકે છે. જયારે કિંમતમાં ખૂબ જ સસ્તું છે.

**પામ તેલ :** આ તેલ દારૂ અને સિગરેટ કરતાં પણ વધુ ખતરનાક છે. સસ્તું હોવાથી ફાસ્ટ ફુડ અને ફરસાણમાં આ જ તેલ વપરાય છે. મોટી કંપનીની ચોકલેટ, બિસ્કીટમાં પણ આ જ તેલ વપરાય છે. 'Lays' જેવી મોટી કંપની ભારતમાં આ જ તેલ વાપરે છે. એનાથી શરીરમાં ખોટી ચરબી જમા થાય છે. નાની ઉંમરે ડાયાબીટીસ થવાની શક્યતા અને હાર્ટ એટેકનું જોખમ વધે છે. જે વસ્તુના પેકેટ પર પામ ઓઈલ, પામોલીનીક ઓઈલ કે પામીટીક એસિડ લખેલ હોય તે ન લેવા. આવા તમામ બજારુ ખોરાકના ઉપયોગથી આપણા બાળકોનું આરોગ્ય જોખમાય છે તે માટે વડીલો ચેતે.

સૂર્યમુખી તેલ, મકાઈનું તેલ, સોયાબીન તેલ, કોર્ન - કપાસીયા તેલ અને રાઈસબ્રાન તેલમાં પોલીસેચ્યુરેટેડ ચરબી હોય છે જે હૃદય માટે સારા નથી. ઉલ્ટું એ રોગ પ્રતિકાર શક્તિ ઘટાડે છે. આરોગ્ય માટે વખણાતું ઓલીવ ઓઈલ આરોગ્ય માટે સંપૂર્ણ ફાયદાકારી નથી. એમાં રહેલ મોની અનસેચ્યુરેટેડ જે સેચ્યુરેટેડ અને ટ્રાન્સફેટ કરતાં સારાં, છતાંય એ ધમનીઓની બિમારી આપી શકે. આ તેલથી લાંબે ગાળે હૃયની મુખ્ય લોહીની નળીઓમાં 'અથીરોસ્કેલોરોટીક પ્લેકસ' જે હૃદયરોગ પહેલાની સ્થિતિ છે. ઓલીવમાં પોલીફીનોલ્સ અને પ્લાન્ટ સ્ટેરોલ્સ જેવા સારા તત્વો હોય છે પણ તેલનાં પ્રોસેસ વખતે મોટા ભાગના આ તત્વો નાશ પામે છે. ૩૦ વર્ષ સુધી હૃદયની બિમારીઓનો અભ્યાસ કરનાર ડૉ. રોબર્ટ વોજેલનું કહેવું છે કે ફક્ત ઓલીવ ઓઈલ ફાયદો નથી કરતું પણ તેની સાથે લેવાતાં શાકભાજી, ફળો અને ઓમેગા - ૩ ધરાવતા પદાર્થો (અખરોટ, બદામ વગેરે) ને લીધે જ ફાયદો થાય છે. ઓલિવ ઓઈલમાં ખૂબ કેલેરી હોવાથી વજન વધી જાય છે, હૃદયની ધમનીઓની અને આરોગ્યની અન્ય તકલીફો થાય છે. વિદેશી કંપનીઓએ ઓલીવ ઓઈલના વેચાણ માટે તેનો પ્રચાર કર્યો છે.

રિફાઈન્ડ તેલ, ઘી વગેરેની ચર્ચા હવે પછી. (ક્રમશઃ)

**આશાની નદી...**

## જીવન એ ઈશ્વર તરફથી મળેલી ભેટ

**નિરવ પ્રફુલ દંડ**, ડોંબીવલી
મો.: ૯૮૨૧૬ ૧૭૩૭૭



જીવન એ ઈશ્વર તરફથી મળેલી સૌથી સુંદર ભેટ છે.આપણા જીવનમાં ગમતી અને અણગમતી બન્ને ચીજો થાય છે. જયારે આપણા મનને ગમતી ચીજો થાય ત્યારે તો આપણને જીવનને સહર્ષ સ્વીકારીએ છીએ પણ જયારે અણગમતી ચીજો થાય ત્યારે આપણે જીવનથી નિરાશ થઈ જઈએ છીએ. પણ આપણને આ વાત સમજવી પડશે કે જીવનમાં સારી અને નરસી બન્ને પ્રકારની વાતો થાય છે. જીવનમાં દરેક વખત આપણે ઈચ્છીએ તેવું થતું નથી. પણ આપણને પોતાના ખરાબ સમયમાં પણ જીવનનો આનંદ ઉઠાવતાં શીખવું પડશે. જયારે આપણે પોતાની વિરોધાભાસ થતી ચીજોથી નિરાશ થવાને બદલે આશાથી તેમનો સામનો કરીશું ત્યારે જ જીવનની મજા આવશે. જયારે આપણે જીવનને હસીથી સ્વીકારીશું ત્યારે આપણું જીવન પણ ફૂલની જેમ ખીલી ઉઠશે.

## હાલાર તીર્થ દર્શન : રંગપુર

રંગમતિ નદીના તીરે વસેલું રંગપુર ગામ એટલે ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનનું ધામ. એ કાવ્ય જેવા તીર્થસ્થળે દાદાનું દેવવિમાન તુલ્ય જિનાલય. રંગપુર ગામ માટે જામનગરના જામ સાહેબ પાસેથી જમીન મેળવી સાંયરાના શાહ માણેકજી ચાંપશી અને શાહ કેશવજી લધાભાઈએ દેવલીબાઈ ચાંપશીના સ્મરણાર્થે ઉપાશ્રય અને મહાજનવાડીનું નિર્માણ કરાવી શ્રી સંઘને સુપ્રત કર્યું અને એ જ પરિસરમાં આગળ જતાં સુંદર મનોરમ જિનાલયનું નિર્માણ થયું. સને ૧૯૮૩ માં પ. પૂ. સાધ્વીશ્રી દિવ્ય ગુણાશ્રી અને પ.પૂ. સાધ્વી કોટી ગુણાશ્રીના ચાતુર્માસ દરમિયાન જિનાલયના નિર્માણનો સંકલ્પ થયો અને ૧૯૮૫માં શિલાન્યાસ વિધિ અને નિર્માણ પૂરૂં થતાં સને ૧૯૯૦માં સંવત ૨૦૪૬ના વૈશાખ સુદી ૧૧ ના પવિત્ર દિને મૂળનાયકની અન્ય જિન બિંબો સાથે પ.પૂ. શ્રી મહોદય સાગર મ. સા. અને પ.પૂ. દેવરત્ન મ. સા. ના પાવન હસ્તે પ્રતિષ્ઠા થઈ. રંગપુરમાં હાલ જ્ઞાતિ જનસંખ્યા ૮૫૦ જેટલી છે જે વિવિધ સ્થળોમાં વસવાટ કરે છે.

॥ જૈનમ જયતિ શાસનમ્ ॥ **- કેસરસિંહ ખોના**

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન — સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી અજીતનાથજી જૈન જિનાલય માંડવીની વર્ષગાંઠ



માંડવી મધ્યે આવેલા શ્રી અજીતનાથજી જૈન જિનાલયની ૧૪૦મી વર્ષગાંઠ ભક્તિભાવ સાથે ઉજવાઈ હતી. સતર ભેદી પૂજા બાદ જિનાલયનાં શ્વેત શિખરે ધ્વજારોહણ કરવામાં આવેલ. કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઈ સરકારી ગાઈડલાઈનને અનુસરીને ઉજવણી સાદાઈથી કરવામાં આવેલ. વ્યવસ્થામાં ભદ્રીકભાઈ મૈશેરી, પ્રબોધ મુનવર, વિનય મૈશેરી, તિલક ડાઘા, કૃણાલ ડાઘા તથા સંઘનાં સર્વે ભાઈ – બહેનોએ સહકાર આપ્યો હતો.

### કોઠારા જિનાલયની ૧૬૦મી વર્ષગાંઠ ઉજવાઈ





અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા જિનાલયની ૧૬૦મી વર્ષગાંઠની ઉજવણી પ. પૂ. સા. શ્રી કનકગુણાશ્રીજી મ.સા.નાં સુશિષ્યા પૂ. સા. શ્રી મહાવ્રતગુણાશ્રીજી મ. સા., પૂ. સા. શ્રી કૃતાર્થ ગુણાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં ધાર્મિક આરાધનાઓ અને શાસ્ત્રોક્તવિધિ વિધાન સાથે કરાઈ હતી. સાંધવથી કોઠારા પધારેલા પૂજ્ય સાધ્વીશ્રી ભગવંતોનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવેલ. પ્રભુજીની ભવ્ય અંગરચના કરવામાં આવેલ. સમાજના આગેવાનો કલ્પેશભાઈ મોતા, ચેતનભાઈ મોતા, ભરતભાઈ જીવાણી, મનોજભાઈ લોડાયા, નિતીનભાઈ ધરમશીં, ચેતનભાઈ ખોના, કિર્તીભાઈ લોડાયા – સુથરી, રતિલાલ ધ્રોળ, હીરાચંદ મોમાયા તથા શ્રાવક – શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ અજાણીએ સૌને આવકાર આપ્યો હતો. આ પ્રસંગે શ્રી ભરતભાઈ જીવાણીનું વિશિષ્ઠ સન્માન કરવામાં આવેલ.

સત્તરભેદી પૂજા બાદ જિનાલયનાં શ્વેત શિખરો ઉપર વાજતે-ગાજતે મંત્રોચ્ચાર વચ્ચે શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે ધ્વજારોહણ કરવામાં આવેલ. આ પાવન પ્રસંગે કોઠારા જૈન સંઘ દ્વારા પાંજરાપોળ મધ્યે ગૌમાતાઓને લાપસી, ગોળ ખવડાવવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. વ્યવસ્થામાં દિનેશ અજાણી, દિલીપ લોડાયા, લહેરચંદ લોડાયા, હરીશ મુનવર, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, પ્રદિપ મુનવર, મહેન્દ્ર લોડાયા, કાંતિલાલ લાલકા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા તથા સર્વે કાર્યકર ભાઈ – બહેનોએ સહકાર આપ્યો હતો.

### તેરા તીર્થે જિનાલયની વર્ષગાંઠ ત્રિહાન્કિા મહોત્સવ

કચ્છ જૈન મોટી પંચતીર્થનાં ઐતિહાસિક તેરાતીર્થ જુના મુળનાયક શ્રી શામળીયા પાર્શ્વપ્રભુ જિનાલયની ૨૦૦મી અને શ્રી જીરાવલ્લા પાર્શ્વપ્રભુની ૧૬૩મી વર્ષગાંઠ નિમિત્તે ત્રિહાન્કિા મહોત્સવ દ્વારા ઉમંગપૂર્વક ઉજવણી કરવામાં આવેલ હતી.

મહાસુદ-૩, તા. ૧૪.૨.૨૧ : બપોરે ૩ વાગે મોટી પૂજા શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક અને રાત્રે પ્રભુજીની ભાવના.

મહાસુદ-૪ : તા. ૧૫.૨.૨૧ : જિનાલયમાં બિરાજમાન દરેક પ્રતિમાજીઓના અઢાર અભિષેક

મહાસુદ-૫, તા. ૧૬.૨.૨૧ : સવારના ૮.૩૦ કલાકથી સત્તરભેદી મોટી પૂજા વચ્ચે શાસ્ત્રોક્ત વિધીપૂર્વક ધ્વજારોહણ થયેલ.

પાવન નિશ્રા : વર્તમાન ગચ્છનાયક પ. પૂ. કલાપ્રભુસાગરસૂરીશ્વરજી મ.સા. આજ્ઞાવર્તિ પ. પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા., પ. પૂ. સા. શ્રી પુણ્યાશ્રીજી મ.સા.ના શિષ્યા પ. પૂ. સા. શ્રી હંસાવલીશ્રીજી મ.સા. આદિ ઠાણા, પ. પૂ. સા. શ્રી વીરગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ. પૂ. સા. શ્રી. કાવ્યગુણાશ્રીજી મ. સા.

મહોત્સવ પ્રસંગે ભુજ, અંજાર, આદિપુર, ગાંધીધામ, અમદાવાદ, વડોદરા, મુંબઈ, નાંદેડ વગેરે સ્થળોએથી ભાવિકો પધાર્યા હતા.

# વતનના વર્તમાન

### સંકલન : કેસરસિંહ ખોના

## સુગરીનો વસતી વધારો

કચ્છનું સ્થાનિક ગણાતા એંજીનિયરિંગ કુશલ પક્ષી સુગરીના હાલ કચ્છમાં ઠેરઠેર માળા જોવા મળે છે. આધુનિક ટેક્નોલોજીને માત કરતા આ સુગરી ઘરોની સંખ્યામાં વધારો કોરોનાના કારણે ઘટેલા પ્રદૂષણ અને શ્રીકાર વરસાદના કારણે ટાપુમાં ફેરવાયેલા ટીંબાઓના વૃક્ષો વધુ સલામત હોઈ સુગરીઓએ એ વૃક્ષો પર મોટી સંખ્યામાં માળા બાંધેલા જોવા મળે છે જે સુગરી સંખ્યામાં વધારાના સંકેત આપે છે.

## ઐતિહાસિક ધરોહરોની સફાઈ

જાળવણીના અભાવ અને કાળની થપાટોના કારણે નષ્ટપ્રાય હાલતમાં પહોંચેલા પુંઅરેશ્વરૂ (જામ પૂંઅરોએ બંધાવેલા શિવાલય), વડી મેડી અને ભુજના રામકુંડની જાળવણી - જિર્ણોદ્ધાર પુરાતત્વ વિભાગ પાસે સ્ટાફ ન હોવાથી અધ્ધર લટકેલું છે ત્યારે ભુજ મ્યુઝિયમના ક્યુરેટરે આ ધરોહરોની સાફસફાઈ કરાવવાની ઝુંબેશ આદરી છે.

## દર્શનાબેન ધોળકિયાને પુરસ્કાર

ગુજરાતીના પ્રતિષ્ઠિત સામયિક કુમારમાં પ્રકાશિત લેખિકાઓની રચનાઓમાંથી શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી દર વર્ષે અપાતો પુરસ્કાર આ વર્ષે કચ્છના સિદ્ધહસ્ત લેખિકા દર્શનાબેન ધોળકિયાની લેખમાળા ‘સ્મૃતિ કળા’ને એનાયત થયો છે.

‘કુમાર’ સામયિકમાં પ્રસિદ્ધ થતી લેખિકાઓની રચના માટે એચ.ડી.આર્ટ કોલેજના ૧૯૬૬-૬૮ દરમિયાન અંગ્રેજી વિભાગના પ્રોફેસર કમલાબેન ધીરૂભાઈ પરીખના નામે સ્થાપિત પુરસ્કાર આપવામાં આવે છે.

આ પુરસ્કાર માટે આ વર્ષના નિર્ણાયક તરીકે મુંબઈ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. અંજલી શાહ હતા. આ પુરસ્કાર અમદાવાદ ખાતે અનાયત થશે. આમ લેખિકાઓને લેખિકા દ્વારા લેખિકાનો પુરસ્કાર આપવામાં આવે છે.

## કચ્છ કસબ બ્રાંડ સર્જક કારીગર ક્લિનિક

કચ્છ કલાકાર કબસીઓના નામે બ્રાંડ સ્થાપિત કરનારા પાબીબેન રબારીની સંસ્થા કારીગર ક્લિનિકને ઉત્તમ કામગીરી માટે રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરાયો છે.

કારીગર ક્લિનિક દ્વારા સર્જિત લોકલ ગિફ્ટ બોક્સની અદભૂત કારીગરી માટે આ પુરસ્કાર ઓલ ઈન્ડિયા આર્ટિસ્ટ્સ એન્ડ ક્રાફ્ટ વર્કર્સ વેલફેર એસોશિએશન દ્વારા આપવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે કારીગર ક્લિનિક કારીગરને તેની કલાની બ્રાન્ડ નિર્ધારિત કરી આપે છે અને તેની માલિકી સંબંધિત કારીગરની જ રહે છે.

સદર ઉલ્લેખિત લોકલ ગિફ્ટ બોક્સ માટે વિદેશમાંથી નોંધપાત્ર પ્રમાણમાં ઓર્ડર મળી રહ્યાં છે.

## કંથકોટના પાષાણ સ્તંભ મેનહીર

કંથકોટ નજીક પૂર્વ દિશામાં એક નાની ટેકરી પર બે પાષાણ સ્તંભ - મેનહીર ઉભા છે. આ મેનહીર અર્થાત લાંબા પત્થર. લગભગ પાંચથી સાત હજાર વર્ષ પહેલાના મોનો લિથિક પાષાણ યુગના માનવીઓએ સ્થાપેલા હોવાનું અભ્યાસુઓનું માનવું છે. આવા સ્તંભો ભારતમાં અન્યત્ર મણિપુર, ત્રિપુરા અને કેરલ - તમિલનાડુ વિસ્તારોમાં જોવા મળે છે. બ્રિટન, આયરલેન્ડમાં પણ આવા સ્તંભ મોટી સંખ્યામાં ઉભા છે.

ગામવાસીઓનું કહેવું છે કે આ સ્તંભ તેઓ બાળઅવસ્થાથી જોતા આવ્યા છે. અને અહીં પાષાણ યુગના ઓજારો પણ મળી આવે છે.

## કચ્છી કાયદાવિદની કેન્યા ગૌરવ યાત્રા

તાજેતરમાં મૂળ કચ્છના કેન્યામાં સ્થાયી થયેલા કલ્પનાબેન રાવળ કેન્યાના નાયબ મુખ્ય ન્યાયાધીશ પદે નીમાયા છે. કેન્યામાં આવા ઉંચા હોદા પર પહોંચેલા પ્રથમ વિદેશી મહિલા છે.

કચ્છ રાજ્યના નાયબ દીવાન રહી ચૂકેલા જદુનાથ પરસોત્તમ ભટ્ટના પૌત્રી અને ન્યાયમૂર્તિ રહેલા ઉમંગીલાલ ભટ્ટના પુત્રી છે.

સને ૨૦૧૩માં કલ્પનાબેન કેન્યાના નાયબ મુખ્ય ન્યાયમૂર્તિ અને કેન્યા સુપ્રીમ કોર્ટના ઉપાધ્યક્ષ, હેગ આં. રા. ન્યાયાલયમાં બાળકોને લગતા કેસોના જજ, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટના જજ પણ રહી ચૂક્યા છે.


Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અશોક હિરજી લાપસિયા**<br>(PS 6734) ગામ : સુથરી | A-5, ત્રીજે માળે, કૃષ્ણ નંદીની પેલેસ,<br>બેંડાલે નગર, SMIT કોલેજ રોડ, જલગામ, MH 425 001<br>મો. : 094239 75029 / 086685 96675 |
| **જયંતીલાલ ધમજી મણસી નાગડા**<br>(PS 3068) ગામ : નલિયા | B-16, બીજે માળે, ઓમ દુર્ગા કો. હા. સો. લી.,<br>રાજાજી રોડ, રામનગર, ડોંબીવલી (ઈસ્ટ), MH 421 201<br>મો. : 074989 19761 |
| **શ્રીમતી વિજયા વિજય વિકમશી**<br>(PS 1126) ગામ : કોઠારા | 601,સુધીર ટાવર, એસ. એન. રોડ, શાંતી ઈન્ડ. એસ્ટેટની બાજુમાં,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ 400 080<br>મો. : 099308 57664 |
| **દિપીત સોમચંદ મોમાયા**<br>(PS 2025) ગામ : વરાડીયા | 2906, ઓગણત્રીસમે માળે, રૂણવાલ ગ્રીન્સ, રોઝવુડ ટાવર – ૩,<br>મુલુંડ– ગોરેગામ લીંક રોડ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ 400 078<br>મો. : 082380 07084 |
| **કિરણ નવીનચંદ્ર ધરમશી**<br>(PS 1126) ગામ : મોટી ખાવડી | D-501, પ્રિયમવદા કો. હા. સો., નાહૂર વિલેજ, જીવરાજ ભાણજીની<br>વાડીની પાછળ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ 400 080<br>મો. : 099308 57664 |
| **પંકજ પદમશી લોડાયા**<br>(PS 3859) ગામ : સાંયરા | ફલેટ નં. 17, ત્રીજે માળે, વ્યંકટેશ છાયા કો. હા. સો.,<br>છોટુસિંઘ એપાર્ટમેન્ટની સામે, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ,<br>ડોંબીવલી (ઈસ્ટ), MH 421 201<br>મો. : 099099 54696 |
| **નયન રતીલાલ મૈશેરી**<br>(PS 4090) ગામ : માંડવી | બીજે માળે, B-17, શાંતી, મુલુંડ હિલ વ્યુ કો. હા. સો.,<br>ડૉ. આર. પી. રોડ, મુલુંડ (વેસ્ટ) મુંબઈ 400 080<br>મો. : 098330 99055 |
| **કિરીટ લાલજી ગાલા**<br>(PS 781) ગામ : કોટડી | B-701, બિલ્ડીંગ નં. 81, પ્રાર્થના કો. હા. સો.,<br>પંતનગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ 400 075<br>મો. : 097570 53131 કિરીટ / 086554 74045 માલતી |
| **નલીન રામજી દંડ**<br>(PS 3955) ગામ : વરાડીયા | B/A-103, સૌરભ એપાર્ટમેન્ટ, જૈન મંદિર રોડ, સર્વોદય નગર,<br>સર્વોદય હાઈટ્સની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ 400 080<br>મો. : 0 98337 08891 |
| **કમલેશ આણંદજી દંડ**<br>(PS 6685) ગામ : સાંધાણ | 304, મધૂરમ ફ્લેટસ, દીપ સોસાયટીની પાછળ, અમિત નગર સર્કલ,<br>કરેલી બાગ, વડોદરા GJ 390 018<br>મો. : 0073599 97933 |
| **શ્રીમતી હંસા પુષ્પવદન લક્ષ્મીચંદ જૈન (લોડાયા)**<br>(PS 5989) ગામ : મંજલ **(ભુલ સુધાર)** | 403, ચોથે માળે, ઓમ શ્રી સાંઈધામ કો.હા.સો.,<br>ચાફેકર બંધુ માર્ગ, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ 400 081<br>મો. : 98431 39937 |

### સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૦૨.૨૧ | વડોદરા | નામી, લોકાંક્ષી પાર્થ લાલકા | લાલા | પુત્રી |
| ૨૫.૦૧.૨૧ | ચેમ્બુર | વિયાન, પ્રેક્ષા પ્રિયંક દેવેન્દ્ર ખોના | સાંધવ | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૧.૨૧ | ભૂજોડી | નયન પ્રદિપ કલ્યાણજી લોડાયા | સાંયરા | ૨૭ |
| | નલિયા | ખૂશ્બુ જગદીશ વિશનજી છેડા | નલિયા | ૨૫ |
| ૨૨.૦૧.૨૧ | મુલુંડ | ચિરાગ ભૂપેશ દામજી મોમાયા | વરાડિયા | ૨૫ |
| | ભાંડુપ | શિવાની ભાવેશ વિજય નાગડા | જખૌ | ૨૩ |
| ૨૬.૦૧.૨૧ | રાજકોટ | ચિરાગ કાંતિલાલ નાંગસી લોડાયા | નાની ખાવડી | ૩૦ |
| | જામનગર | મોનીકા રમેશ રાયચંદ ધૂલ્લા | ભરૂડીયા | ૨૪ |
| ૨૭.૦૧.૨૧ | ડોંબીવલી | અંકેશ ચેતન દેવજી ખોના | નલિયા | ૨૯ |
| | આકોટ | ભક્તિ વિરેન્દ્ર જીવનલાલ મૈશેરી | જખૌ | ૨૩ |
| ૧૪.૦૨.૨૧ | મુલુંડ | ભાવિક દિપક પદમશી સાયલા | તેરા | ૨૬ |
| | મુલુંડ | હેતા અશોક કુંવરજી ધૂલ્લા | ભરૂડીયા | ૨૨ |
| ૨૧.૦૨.૨૧ | થાણા | કૃણાલ રાજેન્દ્ર દામજી નાગડા | પરજાઉ | ૨૯ |
| | મુલુંડ | માનસી દિલીપ ડુંગરશી લાપસીયા | દલતૂંગી | ૨૬ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪.૦૧.૨૧ | પુણે | કેયુર કિર્તીકુમાર વિનોદચંદ્ર શાહ | ઉના | ૩૪ |
| | ઘાટકોપર | ગુંજન હિરેન જગતસિંહ લોડાયા | કોઠારા | ૩૨ |
| ૨૪.૦૧.૨૧ | કાંદિવલી | કરન અજય વિજય નાગડા | જખૌ | ૨૭ |
| | કાંદિવલી | પ્રિયા કમલેશ ધનવંતરાય શેઠ | વાંકાનેર | ૨૫ |
| ૨૪.૦૧.૨૧ | મુલુંડ | કૃણાલ પ્રદિપ પોપટલાલ ત્રિવેદી | ફરાદી | ૨૫ |
| | મુલુંડ | ઝરણા ભરત નરશી મૈશેરી | નાની સિંધોડી | ૨૪ |
| ૨૪.૦૧.૨૧ | વડાલા | રોમિલ પંકજ હંસરાજ લોડાયા | મોટી ખાવડી | ૨૯ |
| | કિંગ સર્કલ | શેફાલી જયેશ ધીરજલાલ કોઠારી | રાજકોટ | ૨૮ |
| ૨૬.૦૧.૨૧ | પુણે | હર્ષ વિપિન જેઠાભાઈ લોડાયા | જખૌ | ૩૨ |
| | થાણે | વૃતિકા રાજેશ શામજી ગડા | માપર | ૨૭ |
| ૨૬.૦૧.૨૧ | ઘાટકોપર | મનન જયેશ કુંવરજી ખોના | સાંયરા | ૨૮ |
| | સેન્ડહર્સ્ટ રોડ | પલ્લવી પ્રવિણ મોહનલાલ કટારીયા (જૈન) | ખિવાંદી | ૨૭ |
| ૨૮.૦૧.૨૧ | ખાંદેશ્વર | મયંક ઉતમ ખેતશી મોમાયા | સાંયરા | ૩૨ |
| | થાણે | પ્રિયંકા કનૈયાલાલ પ્રહલાદ ગોર | સાબરકાંઠા | ૨૫ |
| ૨૯.૦૧.૨૧ | ચેમ્બુર | ડૉ. વૈભવ કલ્યાણજી ધનજી વીરા | નવાવાસ | ૨૭ |
| | કોઈમ્બતુર | ડૉ. દર્શિતા સંજય હિરાચંદ ખોના | બારોઈ | ૨૭ |
| ૦૨.૦૨.૨૧ | ડોંબીવલી | વૈભવ દિવંગર વિષ્ણુ તાવડે | હરકુલ | ૨૬ |
| | ઠાકુર્લી | જીનલ રમેશચંદ્ર ડાયાલાલ ખોના | રંગપુર | ૨૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૨.૨૧ | ઈંદોર | અક્ષત રાજેશ મુલચંદ છેડા | સુજાપૂર | ૨૬ |
| | ઉદયપૂર | કીનલ દિલીપકુમાર મોતીસિંહ ચેલાવત | ઉદયપૂર | -- |
| ૨૨.૦૨.૨૧ | ડોંબીવલી | હિત સુરેશ મુરજી નાગડા | રાપર ગઢવારી | ૨૬ |
| | ડોંબીવલી | શ્રેયા હિતેન દામજી ફુરીયા | બિદડા | ૨૬ |
| ૨૫.૦૨.૨૧ | મુલુંડ | ઋષિન ભરત પદમશી લાલકા | વારાપધર | ૩૦ |
| | કુર્લા | જુલિયાના જેમ્સ ડિમેલો | મુંબઈ | ૨૬ |
| ૨૮.૦૨.૨૧ | ઘાટકોપર | આદિત્ય હસમુખભાઈ રવજીભાઈ પરીખ | ખસ | ૩૦ |
| | મુલુંડ | નિકિતા વિમલ ગોવિંદજી ખોના | કોઠારા | ૩૧ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.૦૨.૨૧ | સાંગલી | જુગલ મણીલાલ ભવાનજી મોતા | વારાપધર | ૨૯ |
| | ચાલીસગામ | જિનલ પંકજ કલ્યાણજી લોડાયા | સાંયરા | ૨૯ |
| ૧૬.૦૨.૨૧ | કોચીન | અંકિત રોહિત મૂલચંદ મોમાયા | વરાડીયા | ૨૫ |
| | ધમતરી | ચાર્મી રોહિત વેલજી લોડાયા | રાપર | ૨૫ |
| ૧૬.૦૨.૨૧ | અંબરનાથ | નીરવ પ્રફુલ દંડ | મંજલ રેલડીયા | ૨૬ |
| | અંતરજાળ (ગાંધીધામ) | કોમલ મહેશ લોડાયા | વારાપધર | ૨૩ |
| ૧૬.૦૨.૨૧ | મુલુંડ | કુનાલ બંકિમ ખીમજી લોડાયા | મોટી ખાવડી | ૨૭ |
| | દહિંસર | હિનલ વિજેશ માણેકજી દંડ | સેવક ભરૂડીયા | ૨૫ |
| ૦૪.૦૨.૨૧ | યુ.એસ.એ. | સાગર ભરત પદમશી મોમાયા | જખૌ | ૨૭ |
| ભુલ સુધાર | આદિપુર | ભૂમિ જયેશ કુલીનકાંત લોડાયા | રવા | ૨૫ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૨.૨૧ | ચેમ્બુર | ચંદ્રેશ પોપટલાલ રામજી ધરમશી | ગોરખડી | ૫૭ |
| ૧૬.૦૨.૨૧ | કોઠારા | જયા રમણીકલાલ ગાંગજી શાહનંદ | ડુમરા | ૬૩ |
| | | સોનબાઈ ચત્રભુજ શામજી નાગડા (કોઠારા)ની પુત્રી | | |
| ૧૭.૦૨.૨૧ | જસાપૂર | શરદ શીવજી ધરમશી | જસાપૂર | ૫૭ |
| ૧૭.૦૨.૨૧ | ડોંબીવલી | મુલચંદ દેવજી કુંવરજી ગોશર | બાયઠ | ૫૦ |
| ૧૮.૦૨.૨૧ | ઘાટકોપર | સતીશ વાલજી દેવજી પોલડીયા | બાયઠ | ૭૨ |
| ૧૮.૦૨.૨૧ | અંતરજાળ | હંસરાજ લખમશી ભાણજી દંડ | લાલા | ૮૩ |
| ૧૯.૦૨.૨૧ | જલગામ | ગુણવંતી મણિલાલ મુલજી મૈશેરી | સીંધોડી મોટી | ૭૭ |
| ૨૧.૦૨.૨૧ | દારેસલામ | પ્રફૂલચંદ્ર લધૂભાઈ જીવરાજ લોડાયા (શાહ) | મોટી ખાવડી | ૭૯ |
| ૨૧.૦૨.૨૧ | મુલુંડ | નવલબેન દેવશી રતનશી પોલડીયા | ડુમરા | ૭૭ |
| ૨૧.૦૨.૨૧ | કલીકટ | અનિલકુમાર હિરજી નરશી કુરૂવા | બાયઠ | ૭૫ |
| ૨૧.૦૨.૨૧ | માટુંગા | વિપીન ભાણજી દેવજી ખોના | તેરા | ૮૩ |
| ૨૨.૦૨.૨૧ | કલીકટ | ચંદનબાઈ પ્રફુલ દેવરાજ લોડાયા | તેરા | ૭૭ |
| ૨૩.૦૨.૨૧ | કોઈમ્બતૂર | રાજેન્દ્ર કરમશી હિરજી વિકમશી | જખૌ | ૬૬ |
| ૨૩.૦૨.૨૧ | જસાપૂર | દેવકાબાઈ કુંવરજી ખીમજી ખોના | જસાપૂર | ૮૦ |
| ૨૩.૦૨.૨૧ | કાંદિવલી | દિપાલી પ્રતાપ મેઘજી મોમાયા | નલિયા | ૫૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.૦૨.૨૧ | કોઈમ્બતૂર | રાજેન્દ્ર કરમશી હિરજી વિકમશી | જખો | ૬૬ |
| ૨૪.૦૨.૨૧ | ગદગ | કાંતાબેન ચીમનાલ લાલજી લોડાયા | કુઆપધર | ૮૧ |
| ૨૪.૦૨.૨૧ | જસાપૂર | કુંવરજી ખીમજી વેલજી ખોના | જસાપૂર | ૯૮ |
| ૨૫.૦૨.૨૧ | વારાપધર | શાંતાબેન કુંવરજી પાસુભાઈ ગોશર | વારાપધર | ૭૭ |
| ૨૮.૦૨.૨૧ | મીરારોડ | જિનેન વિજય શામજી લોડાયા | તેરા | ૬૩ |

# નાનપણ... સાચી મજ્જા

નાના હતા અને ઉનાળાનું વેકેશન પડે એટલે સવાર સવારમાં ગિલ્લીદંડા, ભરબપોરે પત્તા, સાંજે ક્રિકેટ સતોડીયું અને ઘંટડી વાગે એટલે બરફનો ગોળો, રાત પડે એટલે ફરી રમતો ચાલુ ને ચાલુ... પંદર વીસ જણાના ટોળેટોળા... ફળિયામાં ચારેબાજુ અવાજ અવાજ...

વચ્ચે ૨૦ - ૨૫ દિવસ મામા, માસી, કાકા, ફઈને ત્યાં રહેવા જવાનું અને ત્યાં પણ એવી ટોળકીઓ... બપોરે એકબાજુ ઘરે ઘઉં સાફ થતા હોય અને સાંજ પડે ફળિયામાં મરચું ખંડાતું હોય... ત્યારે તો એ.સી. શું એ પણ ખબર નહોતી .. અને રાત્રે થાક્યાપાક્યા ઉપર અગાસીમાં ઠંડી પવનની લહેરો વચ્ચે બ્રહ્માંડના તારાઓને જોઈને એકદમ આશ્ચર્ય પામતા પામતા સુઈ જવાનું કે, આ સામે આકાશમાં દેખાય છે એ ખરેખર છે શું ? આ તારાઓ આપણી ઉપર પડતા કેમ નથી... આ ચંદ્ર આટલું બધું અજવાળું કેવી રીતે આપતો હશે... આ બધાના વૈજ્ઞાનિક કારણો ગમે તે હશે પણ એ વખતે કલ્પનાઓ કરવાની બહુ મજા આવતી...

નાનપણની ખરી મજા ઉનાળાએ જ આપી છે... એ પછી કેરીઓ ખાવાની હોય કે રમવાની હોય... અત્યારે નોકરી, ધંધા પર બેઠા પછી ગરમી કાળઝાળ લાગે છે પણ એ વખતે તો આ ઉનાળો જ સૌથી પ્રિય લાગતો કારણકે જીંદગીની સૌથી અમૂલ્ય ક્ષણો એમાં જ કોતરાયેલી હતી...

મોટા થયા ત્યારે નોટો ને ગણ ગણ કરવામાં લાગી ગયા... અને નાના હતા ત્યારે હવે સ્કૂલ ખૂલવામાં કેટલા દિવસ બાકી બસ એની જ ગણતરીઓ થતી હતી. કાશ આ પૈસાની થોકડીઓ નાનપણ પાછું લાવી આપતી હોત...

શરીર પર ગમે એટલા ઘા લાગતા તો રૂઝ આવી જતી હતી પણ એ ઉંમરે દિલ પર ઘા લાગતા જ ના હતા. લુચ્ચાઈ કોને કહેવાય એ ખબર જ ન હતી. માણસોનું બીજું સ્વરૂપ જોયેલું જ ન હતું. દુનિયા એકદમ નાની પણ એકદમ સુંદર અને ભવ્ય હતી.

**હવેની પેઢીના નસીબમાં આ નથી.**

દફતર લઈને દોડવું... તૂટેલી ચપ્પલ નું જોડવું...
નાસ્તાના ડબ્બાઓ... શર્ટ પર શાહીના ધબ્બાઓ..
ખોબે ખોબે પીવાતું પાણી... રીસેષની વિશેષ ઉજાણી...
બેફામ રમાતા પકડ દાવ... ઘૂંટણ એ પડતા આછા ઘાવ...
બાયોંથી લુંછાતા ચેહરા... શેરીઓમાં અસંખ્ય ફેરાં...
ઉતરાણની રાત જાગી... પકડાયલા પતંગની ભાગી...
ભાડાંની સાયકલનાં ફેરાં... મહોલ્લાના ઓટલા પર ડેરા...
સાત ટીકદિની રેલમ છેલ... ગીલ્લી ડંડાનો એ ખેલ...
ચાર ઠીકડી ને આટા પાટા... થાંભલે ગામગપાટા...
વરસાદે ભરપૂર પલળવું... ખુલ્લા પગે રખડવું...
બોર આમલીનાં ચટાકા... પીઠ પર માસ્તરના ફટાકા...
બિન્દાસ્ત ઉજવાતું વેકેશન... નાં ટ્યુશન નાં ટેન્શન...

વાત સાચી લાગી કે નહિ ? મિત્રો, બધું ભૂલાઈ ગયું આ મોર્ડન લાઈફની લાયમાં...

કેવાં હતાં આપણે બધાં પાસે-પાસે ? જો ને નીકળી ગયા સહુ જીંદગીના પ્રવાસે..!

માળો બનાવવામાં એવા મશગુલ થઇ ગયા; ઉડવા માટે પાંખ છે એજ ભૂલી ગયા..!!

સંકલન : કુમાર બાબુભાઈ દંડ - તેરા (મુલુંડ)

કસબ : ૧૫૨ ના જવાબ : **આડી ચાવીઓ :** (૧) અધકચરો (૩) કેડાંક (૬) ધાક (૭) ચાગલો (૯) મંધીયાણી (૧૦) રાડ (૧૧) ચોવટ (૧૩) મોળો (૧૪) સગોભલો (૧૯) ડીયેંજો (૨૦) ગેન (૨૨) તરા (૨૩) ડેસણી (૨૪) કકરો (૨૬) શી (૨૯) ગોં (૩૦) વસલા (૩૨) આંટો (૩૩) ટકોર (૩૫) લાડી (૩૬) ધનાણી (૩૭) ચોલો (૩૮) લફ્ફા.

**ઉભી ચાવીઓ :** (૧) અસમંજસ (૨) ચટણી (૩) કેકરાટ (૪) કચા (૫) ગલો (૮) ગડોળો (૧૨) વજોડીયાં (૧૫) ગોત (૧૬) લોલરા (૧૭) સજોડે (૧૮) કન (૨૧) હેકડો ટક (૨૨) તરો (૨૪) સસ (૨૭) ગોસ (૨૮) મેટી (૩૦) વડી (૩૧) લાગલો (૩૨) આંભલ (૩૪) રધ (૩૫) લાણી

# CALM, COOL, COMPASSIONATE AND CARING CHANDAN PUJA MAKES US FOREBEARING



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

It is said "Jin Pratima Jin sarikhi", which means when we worship the Jin idol, we are worshipping the Arihant himself. Chandan (sandalwood) puja involves the puja of the nine limbs of the Jin pratima with Chandan. The order of worship might differ according to the belief system followed, but the underlying sentiments (Bhavas) are the same.

1. **Two Toes of the feet :** The worship of feet, (especially the big toes) is symbolic of preservation of energy (Viryaraksha). It is our ancient tradition to touch the feet of our gurus and elders. Feet are the storehouses of immense power and strength acquired by the sadhus with their austerities and penances. While applying Chandan paste on the right and left big toes, we should pray: "O Jineshwar, the way you travelled with your Divine feet from the path of material to the path of moksha, let my life too be channeled in the right direction."

2. **Knees**: Knees are symbols of self-initiatives and efforts (Swadhinta). Once a person becomes self-reliant and independent, only then can he meditate and serve with ease. While applying Chandan on the knees, let us pray "O Arihant, with the strength of your knees, you stood in meditation, motionless for years and attained omniscience. O Lord of the Lords , let me too gather that kind of strength to meditate."

3. **Forearms**: They represent hands and indirectly our good deeds and generosity. Hands are used to give blessings and material wealth too. With all our devotion we pray " O Arihant, just like you gave away all your immense wealth and riches on your way to renunciation, let me too get detached from material wealth and commit myself to non-violence towards all living beings."

4. **Navel**: It is the centre for concentration. Just as the navel connects an unborn child in the womb to the mother, the navel also acts as a connector between our atma and the Parmatma. We pray,," O Jineshwar, I wish to attain that highest level of meditation to realise my true self and I wish for that concentration by worshiping your navel ."

5. **Chest**: Chandan puja of the chest reflects a desire for the purity of heart by eliminating attachment and aversion. Parmatma had equal compassion for both , well wishers as well as wrong doers.The same way we ask , "O Vitragi Parmatma, let my heart too be full of love, care and compassion for all beings. Let me be completely satiated as I worship your chest.

6. **Shoulders** : Jina's shoulders represent the absence of ego. As we worship Lord's shoulders , we evoke this emotion," O Arihant, you conquered all pride as you swam through this Sansar with your strong shoulders. Let me; in the same way, conquer ego as I swim through this ocean of worldly life."

7. **Throat**: Lord's throat was the seat of His divine speech which touched and transformed many lives and liberated them. "Let my speech too work towards benefiting others", is what we should desire as we worship Jineshwara's throat.

8. **Forehead**: It symbolises inner eye to the self . " O Parmatma, you are the crown jewel of the three worlds and you endured pain and pleasure equally. As I apply tilak on your forehead, I too wish to imbibe these qualities."

9. **Head** : It symbolises Moksh , the highest peak to be reached. "O Arihant, you attained liberation to be placed on the highest peak- Siddha Shila."Prabhu, by worshiping your head, I too wish to attain that highest level," is what we think while worshiping Lord's head.

Now when we go to the temple to worship Jineshwar with Chandan, let us go with the above sentiments and experience the clarity, the conviction and the change within .

# Environmental check – Trees

Cutting down trees and planting new ones is wrecking the soil. Continuously cutting down forests and planting new ones is depleting the soils of crucial minerals, new analysis shows.

It's always a good idea to plant new trees after you cut some old ones. But that's not exactly sustainable, a new analysis shows.

Forests still cover about 30% of the world's land area, but their coverage are decreasing fast. Logging has always been an issue in modern times, with 1.9 million square kilometers of forest being lost between 1990 and 2020. Since humans have started cutting forests, 46% of trees have been felled, after a few encouraging signs, deforestation is once again on the rise.

Of course, forests have a natural replenishment rate, and humans also plant new tree areas. These efforts have put a dent in overall deforestation figures, although the net effect still heavily leans towards deforestation. Lockdown has cured the nature to some extent, but do we need to have lockdowns to save nature? Does every one need to hide in their home to save nature?

**In that case I have penned down a poem expressing my feelings.**

Now I plant a little tree,
For ever and ever it belongs to me.
When it's grown till my eyes,
To see my tree against the skies.
A great tall, living thing I shall see,
And how glad I'll feel that it's my tree.

Shree KDO Students Association is playing a vital role in planting saplings and taking care of trees. Last year we planted more than 1000 saplings all over Mumbai and we are aiming to double the count this year. We are also trying to take people with us, so that each and every one can plant at least one saplings each.

If we don't save what is ours todays, it won't save us when we would need it.



**Ujwal Piyush Kunwarji Lodaya**
**( Sayera - Nallasopara )**

---

## Sundar maja ni vaat – Mara Pappa

Papa, Bhale janm aemne nathi aapyo,
Pan aemna vagar aa  jivan aashshkya che,
Balak ni darek jid puri kare.
Hu sacho hovu toh sath ape,
Hu khoto hovu toh samjave,
Bhool karoo toh khijaye,
Pan ratre khoda ma besadi manave.
Aa pappa naam ma kaik toh rahasya che.

Khaba upar besadi,
Aa duniya amna thi vadhare mane dekhadiche,.
Potana sapna rahi gaya adhura,
Pan mara sapna pura karvama koi kass nathi chodi.
Aa pappa naam ma kaik toh rahasya che.

Lakhta vachta avadtu nathi,
Pan sambando sarvara mane shikvadya che,
Potani jaruriyat chodine,
Mara shok pura karva mate ji jaan lagadi de,
Aa pappa naam kaik toh rahasya che.

Akhi jivan amara mate jivya ane,
Amari mate vichar kare,
Divas raat parsevo padhi parivar ni jarurat puri kare,
Kyare doremoan toh kyare superman bhanine mara hero bhani jaye,
Aam keva mate mara papa che pan mara sacha mitra che,
Aa pappa naam ma kaik toh rahasya che.



**Yash Hiren Lodaya**
**dombivali - Naliya**

Over View

# BUT.......IF.......BECAUSE
# BIB MONKEYS

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646





The message from the THREE MONKEYS toy popularised by Mahatma Gandhiji is well known. These 3 wise monkeys propagate a noble message that "Don't hear EVIL, Don't see EVIL and Don't speak EVIL." But what is EVIL is a million Dollor question. The meaning of this word differs from person to person, society to Society, nation to nation, time to time, place to place, school of thought to another school of thought and so on. All the misery in the world can be attributed to this perspective and interpretation.*

I, however, am going to discuss about other 3 monkeys, wise or otherwise. I call them BIB Monkeys. We all have these 3 BIB monkeys in our heads and we use them to create excuses to give reasons for why we did not or could not succeed. Those three monkeys are BUT, IF and BECAUSE. They convey that *"Don't want to hear, don't want to see and don't want to speak about the person who uses these three words BUT, IF and BECAUSE as an excuse. So whenever we fail our BIB monkey mind tries to rationalise our failures by using this defence mechanism.

The examples of millions of frequently used sentences, without any hesitation, are similar to the following:

"IF luck was on my side, I would have been in Indian Cricket team;"

"I want to do so much for the society, BUT I do not have either resources or power."

"Because my father is an autorikshaw driver and poor, I can not dream of appearing in Civil Services exam or in a beauty contest."

The words, BUT, IF and BECAUSE, trigger pessimism. Is it right to use them just to escape a situation? The answer is clearly no. Life is not about stopping because of a situation but going ahead IN SPITE of the situation.

You can reduce, if not eliminate, the usage of these 3 BIB by cultivating your belief in yourself.

The beliefs you hold in the beginning of a journey define your journey. Your life is a mere reflection of your beliefs. You cannot out perform them. So if you want to alter your life, you need to alter your beliefs. Man is the co- author of his destiny. When your beliefs are transformed, your life is transformed. Your beliefs make you or break you. With this belief system, you will have very few occasions to adopt an escape route via BIB.

In childhood you must have played with your shadows by making different gestures and postures. In this play there is an important message.

These shadows are our thoughts. For changing the shadows we have to change either our body postures or the object or source of light. Similarly, in real life, the situations that you face are reflections of your own thoughts.* *People normally blame others for the situations in which they are in right now. Blaming other people, time, luck or God will not do any good to the situation. So take full responsibility for your life. Understanding and accepting the fact that the circumstances that we are facing are created by us, consciously or unconsciously, will make it easier to work on ourselves. As long as we keep on blaming someone or something from the outside, we will always keep working on the outside and it will not bring any change in our situation. The only game in which no one else wins is called the 'blame game'. Blaming satisfies your ego. Once you stop blaming, you will be clear of the cause of every situation in your life. That is you. Broadening perceptions require the breaking of old belief and conditioning. So question yourself and move ahead.

How then to reduce the impact of these 3 BIB monkeys on our above mentioned attitude? Of all the creations, man alone can stand apart from himself and watch himself. He alone can change the direction of his thoughts. As a result man alone can by his own awareness, lift himself by himself. And the Mantra is INSPITE OF BIB.

## ત્રીજી પુણ્યતિથિએ સ્મૃતિ વંદના



## સ્વ. શ્રી નરેન્દ્રભાઈ જીવરાજભાઈ મોમાયા (શાહ)

(ગામ નલિયા)

જન્મ : તા. ૦૨.૦૩.૧૯૪૮ દેહ વિલય : તા. ૦૭.૦૩.૨૦૧૮

તમારી મધુર સ્મૃતિ અંકિત છે અમારા હૃદયમાં,
તમારા સત્કાર્યોની સુગંધ જીવિત છે અમારા શ્વાસોશ્વાસમાં,
દેહરૂપે સમક્ષ નથી એ સાચું છે,
અસ્તિત્વમાં સદા તમે છો, સદા રહેશો એ વિશ્વાસ છે.
પ્રભુ આપના પુનિત આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના.

**યાદ સ્વરૂપે સદા આપનું સાંનિધ્ય**
**પ્રાપ્ત કરનાર આપના પરિવારજનો**

**ધર્મપત્નિ**
ગં. સ્વ. નયનાબેન નરેન્દ્રભાઈ મોમાયા (શાહ)

**માતુશ્રી**
સ્વ. કમલબાઈ જીવરાજ ભવાનજી મોમાયા
સ્વ. જેવંતીબેન જેઠાભાઈ લોડાયા પરિવાર

**સાસુ-સસરા**
સ્વ. લીલાવંતીબેન મુલચંદભાઈ છેડા પરિવાર

**પુત્ર-પુત્રવધુ**
સૌ. યોગીતાબેન અભયભાઈ મોમાયા (અંજાર)
સૌ. પ્રમીતાબેન મેહુલભાઈ મોમાયા (ગુન્ટુર)
સૌ. યામીનીબેન ભરતભાઈ મોમાયા (અંતરજાળ)

**પૌત્ર-પૌત્રી**
ચિ. મોહિત, વૈભવ, હર્ષ, અક્ષયા, હિતાંશી

## ભાવભરી ભાવાંજલી

ગામ કુમરા

હાલ મુલુંડ



## સ્વ. લતા ભરત પોલડીયા (ઉં.૫૬)

જીવનયાત્રા : તા. ૧-૮-૧૯૬૪ થી તા. ૧૫-૨-૨૦૨૧

અમૃત સમો મીઠો આવકાર તારો, ને એથી એવી તારી વાણી...
કયાંથી મળશે અમને હવે તારા હેતની સરવાણી?
એ વિચારથી હૈયે ઉઠે છે ધ્રુજારીને વરસી પડી આંખો અમારી,
તારી અણધારી વિદાય હતી શોકની ઘડી અમારી...
તારા ગુણો અમે લેશમાત્ર ભૂલી શકીએ તેમ નથી,
પરિવારને પડેલી ખોટ સહેજે પૂરાય તેમ નથી...
તારા આત્માને પરમશાંતિ મળજો એજ અંતરથી પ્રાર્થના...

**લિ. : શોકાતુર પરિવાર**

| | |
|---|---|
| જીવનસાથી | : ભરત શીવજી પોલડીયા |
| પુત્ર-પુત્રવધુ | : અ.સૌ. જીલ ધવલ પોલડીયા |
| જેઠ-જેઠાણીતુલ્ય | : ડો. મીરા દેવચંદ ધરમશી |
| જેઠ-જેઠાણી | : અ.સૌ. નિતા મહેન્દ્ર પોલડીયા |
| દેર-દેરાણી | : અ.સૌ. કેતકી કિરણ પોલડીયા |
| નણંદ-નણંદોઈ | : અ.સૌ. જયશ્રી બિરેન દંડ |
| ભાઈ-ભાભી | : અ.સૌ. પ્રેમીલા કુલીન ભેદા |
| | અ.સૌ. તૃપ્તી કિરણ ભેદા |
| બેન-બનેવી | : અ.સૌ. કલ્પના મધુકાંત લોડાયા |
| | અ.સૌ. જાગૃતી જનક ધરમશી |
| | અ.સૌ. ઉર્મી કિશોર લાલકા |
| | અ.સૌ. ઉષ્મા સુનીલ પરીખ |
| | અ.સૌ મુક્તિ નિમેષ મહેતા |
| ભત્રીજા-ભત્રીજી | : પ્રણય, કૈરા |
| ભાણેજ-ભાણેજવહુ | : અ.સૌ. પ્રિયા હાર્દિક દંડ, |
| ભાણેજી | : દ્રષ્ટિ બિરેન દંડ |
| ભાણેજ-ભાણેજી | : અ.સૌ. રિધ્ધી ચિંતન હેકા |
| | અ.સૌ. ફોરમ હર્ષ ધરમશી |
| | અ.સૌ. નિકીતા પ્રતિક લોડાયા |

ડોનીકા, રેશમ, ભવ્ય તથા નાની કી લાડકી લાયશા

**શ્રધ્ધા સુમન**

**સ્વ. સોનબાઈ શીવજી પુનશી પોલડીયા પરિવાર**
**અ.સૌ. ધનબાઈ માણેકજી ભવાનજી ભેદા પરિવાર**

**ઋણ સ્વીકાર**

સ્નેહી સ્વજનો, હિતેચ્છુઓ તથા મિત્રો, જેમણે
રૂબરૂ તથા ફોન દ્વારા સાંત્વના તથા દિલાસો પાઠવેલ છે
તે સર્વેના અમો સદાય ઋણી રહીશું.

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૬.૧૦.૧૯૪૩

અરિહંતશરણ :
તા.૨૧.૦૩.૨૦૨૦

## અખંડ સૌભાગ્યવતી પૂ. માતુશ્રી માનકુંવર નવીનચંદ્ર લાલકા

(ગામ : નલિયા, હાલે શિહોર (મ. પ્ર.)

જન્મ આપીને ઉછેરીને મોટા કર્યા, એવી માતાને શતશત પ્રણામ...
પોતે પી વિષ, અમી અમને ભર્યા, એવી માતાને શતશત પ્રણામ...
પરાકાષ્ઠા પ્રેમની, એ છે જનેતા, ઉરે મબલખ અમૃત ભર્યા...
જેના ઋણ ચુકવવા નાના પડ્યા, એવી માતાને શતશત પ્રણામ...
થાય પ્રતીતિ સ્વર્ગની પગ તળે, ગુણ ગેરહાજરીમાં સાંભર્યા,
પુનઃ ન સંસારે એવાં મળ્યાં, એવી માતાને શતશત પ્રણામ...
ઈશ પણ ન આવી શકે ઉંચાઈ હરી, પણ એની અંકને અમે સદા ઝંખ્યા,
માનવરૂપે જયાં પરમેશ સાંપડ્યા, એવી માતાને શતશત પ્રણામ...

**શોકાતુર : નવીનચંદ્ર ભવાનજી લાલકા**

**આપના બાળકો ...**

પુત્ર - પુત્રવધુ : અ. સૌ. હેતલ યોગેશભાઈ લાલકા, અ. સૌ. પ્રેરણા રૂપેશભાઈ લાલકા

પુત્રી - જમાઈ : અ. સૌ. ગીતા દિલીપભાઈ નાગડા, અ. સૌ. મનીષા મનોજભાઈ ધુલ્લા, અ. સૌ. રૂપા નંદીશભાઈ લોડાયા

પૌત્ર - પૌત્રી : ચિ. ઉમંગ યોગેશભાઈ લાલકા, કુ. તનિષ્કા રૂપેશભાઈ લાલકા, કુ. ધારા યોગેશભાઈ લાલકા, ચિ. અદિત્ય રૂપેશભાઈ લાલકા

**માવતર : સ્વ. સુંદરબાઈ જીવરાજ મુરજી નાગડા - નલિયા હાલે બારશી**

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**